Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 06

March, 2016

॥ હરિઃૐ ॥

બુદ્ધિ જો હોય તો સહેજ
એને વાપરવી રહે
આગળનો કરતાં વાત એને જ જોઈએ ઘટે ॥
વિકાસ કરવો હોય પણ રૂંધું ન ચાલવું
પણ રોપાતું જો ખાતર જાણું દિલ ગાખરે ॥
સ્નેહાધીન મોટા





પૂજ્ય શ્રીમોટાને સ્નાન કરાવતાં સ્વજન બહેનો-
- શારદાબહેન ચંદુલાલ ભાવસાર
- અરુણાબહેન રમેશભાઈ ભટ્ટ
- ઊર્મિલાબહેન જયંતીભાઈ જાની વગેરે...

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૬ માર્ચ, ૨૦૧૬

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - 9427554391

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. ‘જીવન’ને લીધે શરીર છે ...................... શ્રીમોટા ૪
૨. પ્રાર્થના અને પૂજ્ય શ્રીમોટા ............. રમણલાલ પાઠક ૬
૩. ‘રમણ તમાકુવાળા’ની વાત
.... પ્રભુદાસ જાની અને લતાબહેન જિતેન્દ્રભાઈ પાનવાલા ૭
૪. પંચકોશાતીત આત્મા ............... સ્વામી પ્રકાશાનંદજી ૧૦
૫. પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન ઉત્સવ ........... સંપાદક ૧૨
૬. અનંત સુખ માટે કોઈ પ્રયત્ન કરતું નથી .......... શ્રીમોટા ૧૩
૭. સ્ત્રી-જાગૃતિ અને ગાંધીજી ............... નારાયણ દેસાઈ ૧૫
૮. પૂજ્ય શ્રીમોટાએ અમારી સંભાળ રાખી છે . જયાબહેન રાજ ૧૭
૯. મહામના મોટા ................... પ્રતાપભાઈ ઉપાધ્યાય ૨૦
૧૦.પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૮) ..... નરહરિ દવે ૨૧
૧૧.જપયજ્ઞની પ્રજ્વલિત જ્યોત ................... સંપાદક ૨૩
૧૨.આપણું મધ્યબિંદુ દુનિયામાં નથી,
પણ આપણામાં છે ........................... શ્રીમોટા ૨૪
૧૩.જીવાત્માના ઉદ્ધાર માટે પૂજ્ય શ્રીમોટાએ
કરેલી વિધિ .......................... રામભાઈ પટેલ ૨૫

## સૌજન્ય

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી રમણભાઈ એમ. પટેલ (અમેરિકા-નડિયાદ) તરફથી તેઓશ્રીના પૌત્ર શ્રી ભાવિનની પ્રથમ પુણ્યતિથિ (તા.૧૨-૨-૨૦૧૬) નિમિત્તે ‘હરિભાવ’ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ એ સમગ્ર પરિવાર પ્રત્યે સંવેદનાસહ અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**-સંપાદક**

## (૧) 'જીવન'ને લીધે શરીર છે

**શ્રીમોટા**

આપણું શરીર બગડે છે ત્યારે તત્કાળ જાગૃત થઈ જઈએ છીએ. શરીરને એવું ને એવું બગડેલું રાખતા નથી. તરત વૈદ્ય પાસે જઈએ છીએ. પણ શરીર જેના વિશે કરીને છે, એવું આ જે જીવન છે, તેના વિશે કોઈ દરકાર કરતા નથી.

જીવન બગડે છે કે સુધરે છે એના વિશે પણ કોઈ વિચાર કરતા નથી. એ જીવન વિશેનું આપણને ભાન નથી કારણ કે જીવનનું મહત્ત્વ આપણે સમજ્યાં નથી, ત્યારે આ કાળ એવો છે કે આ ભાષણીયો કાળ છે. મેં ભીખુકાકાને કહ્યું કે, આપણે પ્રવચનો તો ઘણાં ઠોક્યાં. તો તેઓ કહે, 'હા મોટા, આજ સુધીમાં ઘણાં પ્રવચનો થયાં.' તો એની તો કશી અસર નથી. પણ હું આ પ્રવચન કરું છું, તે તમારાં દર્શન કરવા માટે જ. નહિતર આ કોઈક વાર તમે આવો અને પછી રામ તારી માયા. તો બધાનાં ચહેરાનાં દર્શન થાય એવી લાલચ છે, એટલા માટે બોલું છું.

ત્યારે આ જીવન વિશે આપણે કોઈ કશો વિચાર, કશી દરકાર કરતાં નથી. બુદ્ધિથી તો સમજાય કે **જીવનને લીધે આ શરીર છે.** એ વાત સાચી, પણ માત્ર બુદ્ધિથી સમજેલું ખપમાં નથી લાગતું. એ તો આકડાના રૂની જેમ વા વાય અને ઊડી જાય તેમ માત્ર બુદ્ધિનું સમજેલું ટકે નહિ.

ખોરાક ખાઈએ અને પચે તો એમાંથી લોહી બને અને એમાંથી જ સાત ધાતુઓ-રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર થાય. પણ જો ખોરાક પચે નહિ તો નકામું. તેમ આ જ્ઞાન પણ પચેલું હોય તો જ ખપનું. આ જીવન વિશે અને ધર્મ વિશે પણ આપણને બિલકુલ ખ્યાલ નથી. માત્ર ઘીનો દીવો કરીએ કે પાંચ માળા ફેરવીએ એ ધર્મ નથી. એ તો ઢોંગ છે. એ છોડી દો તો ઘી બચશે. આપણે બધાંને છેતરીએ પણ ભગવાનને નહિ છેતરી શકીએ.

ભગવાન માટે ગરજ કે તાલાવેલી ન જાગે ત્યાં સુધી કશું ન થાય. અનેક જન્મોના સંસ્કારો આપણામાં Accumulate-(સંચય-એકત્રિત) થયા હોય છે. એમાંના સારા સંસ્કારો જો જાગે તો કાંઈ થાય. આ જન્મનો પ્રયત્ન શું નકામો જવાનો ? એવો પ્રશ્ન થાય. તો હું કહું છું કે નકામો તો નહિ જાય, પણ જો પ્રેમભક્તિપૂર્વક કોઈ પણ કાર્ય કરીએ તો એ ફળે છે. ખરેખરી દિલની ભાવનાથી થાય તો એ વહેલો ફળે છે. લગાતાર સાધનામાં રહ્યા કરીએ અને ભગવાનનું સતત સ્મરણ કર્યા કરીએ તો ઠીક. સંત સમાગમ થાય તોપણ સારું. સંત કબીરે ગાયેલું કે **'સંતો જાગતા નર સેવીએ'** આપમેળે, સહજમેળે સંબંધ થઈ જાય ત્યારે સમજાય.

આપણે તો બસ એની સંતપુરુષની જ સોબત કરો. તો એમાંથી જીવનમાં બહુ મોટો લાભ થશે. મનને શાંતિ મળશે. કોયડા, ગૂંચ, વિઘ્નો હોય તો તેમાં પણ મનને શાંતિ મળશે.

આપણાં ત્રણ શરીર છે. (૧) સ્થૂળ, (૨) સૂક્ષ્મ અને (૩) કારણ. સ્થૂળ શરીરના ચિત્તમાં પ્રકૃતિના સંસ્કારો ગ્રહણ થાય છે. સૂક્ષ્મ શરીરમાં

ભાવનાના દ્વંદ્વાતીત અને ગુણાતીતના સંસ્કાર ગ્રહણ થાય છે. તે જ્યારે નવું શરીર ધારણ થાય ત્યારે ઉદય વર્તમાન થાય. આ જન્મે તો તે સંસ્કાર ન જાગે પણ આવતા જન્મે એ સંસ્કાર જરૂર ઉદય વર્તમાન થાય.

હાઇડ્રોજનના બે પરમાણુઓ અને ઑક્સિજનનો એક પરમાણુ-એ બંને મળીને પાણી થાય એમ વિજ્ઞાને સાબિત કર્યું છે. તેવી જ રીતે આ પણ સત્ય છે.

આ સત્સંગ બહુ મોટી વાત છે. સત્સંગની ભાવનાની સમાજમાં આવી સમજણ શા માટે છે એ વિશે પણ મેં સંશોધન કરેલું છે. એટલે **'સંતો જાગતા નર સેવીએ'** તો પત્તો વહેલો ખાય.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૩૮
હરિઃૐ આશ્રમ, સુરતમાં આ સંબોધન છે. ❏

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રમણભાઈ એમ. પટેલ તરફથી તેઓશ્રીના પૌત્ર શ્રી ભાવિનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે 'હરિભાવ'ના પ્રકાશનમાં સહયોગ | અમેરિકા-નડિયાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | માતુશ્રી સંતોકબહેન ગોકળાઈ ભૂષણ તા. ૮-૨-૨૦૧૬ના રોજ શ્રીહરિચરણ પામ્યાં તે નિમિત્તે હસ્તે પુત્ર લક્ષ્મણભાઈ, પૌત્ર ચેતન અને પપ્રૌત્ર જીયન. | નવી મુંબઈ | ૫,૦૦૦/- |
| ૩. | સ્વ. પિતાશ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલની બીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે કનુભાઈ | નરોડા | ૨,૦૦૦/- |
| ૪. | સુધીરભાઈ મોહનભાઈ દલસાણીયા | સુરત | ૧,૧૧૧/- |
| ૫. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૬. | ઉષાબહેન રાજુભાઈ માસ્તર (જપયજ્ઞ નિમિત્તે) | સુરત | ૧,૦૦૦/- |
| ૭. | વૈકુંઠરાય એસ. સોની | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | સ્વ. ડાહ્યાભાઈ હરિભાઈ પટેલની પુણ્યસ્મૃતિ નિમિત્તે હસ્તે રંજનબહેન કે. પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | સ્વ. માતુશ્રી શારદાબહેનની પુણ્યતિથિ (૨૪-૩) નિમિત્તે હસ્તે બીપીન પી. પંડ્યા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૦. | હર્ષદભાઈ-અલકાબહેન જાની લગ્નતારીખ (૩-૩) નિમિત્તે | મણિનગર | ૫૦૧/- |
| ૧૧. | સ્વ. નટવરલાલ એન. દેસાઈની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રશાંતભાઈ | અમદાવાદ | ૩૦૦/- |
| ૧૨. | સ્વ. ગોપાલભાઈ પચ્ચીગરના સ્મરણાર્થે હસ્તે શિરીષ બી. પચ્ચીગર | સુરત | ૨૫૧/- |
| ૧૩. | હરિકૃષ્ણ એસ. ભાવસાર જન્મદિન નિમિત્તે | વડોદરા | ૨૦૧/- |
| ૧૪. | સ્વ. રમેશભાઈ જાનીના દેહાંત (તા. ૨૪-૩-૨૦૧૫) નિમિત્તે હસ્તે બીપીન બી. પંડ્યા | અમદાવાદ | ૨૦૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **-સંપાદક**

## (૨) પ્રાર્થના અને પૂજ્ય શ્રીમોટા

**રમણલાલ પાઠક**

અનેક મહાનુભાવોના તેમ જ પૂજ્ય શ્રીમોટાના જીવનદર્શનનું અનુશીલન કરવાથી કહી શકાય કે જ્યારે પ્રભુ કોઈ પણ જનના જીવનમાં કૃપા કરવાના હોય, પગલાં પાડવાના હોય ત્યારે તેના દિલમાં પ્રાર્થના કરવાનો ભાવ પ્રબલભાવ અનિવાર્ય પણે જાગે છે. તેનાથી પ્રાર્થના કર્યા વગર રહી શકાતું નથી. **'સાવિત્રી'** મહાકાવ્યમાં શ્રીઅરવિંદની વાણી છે કે પ્રાર્થના માનવની શક્તિનું અનુસંધાન પરમ સર્જક શક્તિ સાથે કરાવે છે.

વેદકાળના ઋષિઓ સનાતન સત્યોને નરી આંખે જોઈ શકતા અને સાંભળી પણ શકતા. શ્રીમોટાએ પણ પોતાના સાધનામય જીવન દરમિયાન આંતરચક્ષુઓથી જે જોયું છે, અનુભવ્યું છે, જેનો સાક્ષાત્કાર કર્યો છે તેનું જ આલેખન અને આચરણ તેમણે કર્યું છે. પૂજ્ય શ્રીમોટાએ જ્યાં જ્યાં કથન કર્યું છે તે સર્વ આચરણનિષ્ઠ અને પવિત્ર છે અને તેથી જ શાતા આપે છે. પૂજ્ય શ્રીમોટાની વાણી તેમના આધ્યાત્મિક જીવનની પ્રયોગશાળામાંથી અનાયાસ પ્રભાવિત થયેલી સહજ વાણી છે. **કરણી અને કથનીની એકતાભરી જીવનપ્રસૂત વાણી એ દિવ્ય વાણી છે.**

'જેમ પાણીમાં કપડાંને અને શરીરને ધોવાથી તેનો મેલ જતો રહે છે તેમ ઈશ્વરને અંતઃકરણમાંથી પ્રાર્થના કરવાથી મનનો મેલ સાફ થાય છે, બુદ્ધિ અને પ્રાણ નિર્મળ બને છે. પ્રાર્થનાથી મન અને પ્રાણ સ્વચ્છ અને શુદ્ધ રહે છે. પ્રાર્થના કરવાની ટેવ એ સૌથી સારી અને જરૂરી ટેવ છે.'

પૂજ્ય શ્રીમોટાનું કથન છે કે પ્રાર્થના ઘણા ઘણા ભાવથી થવી જોઈએ. જે કોઈ નમ્રતાથી, પ્રેમથી, શ્રદ્ધાથી પ્રાર્થના કરે છે, તેનું જીવન તેજસ્વી બને છે.

'આપણી પોતાની જ પ્રાર્થના' વિશેના પૂજ્ય શ્રીમોટાના વિચારો વિશેષ મનનીય છે. અન્ય સંતભક્તોએ કરેલી પ્રાર્થના અને પોતાના માટેની જરૂરી પ્રાર્થના વચ્ચે રહેલા માનસિકતા ભેદનું નિરૂપણ કરતાં તેઓશ્રી કહે છે કે બીજાઓથી થયેલી પ્રાર્થના-ગદ્યમાં કે પદ્યમાં ઘણીવાર ઉત્કટ ભાવ પ્રગટ કરી શકતી નથી, કારણ કે તે પ્રાર્થનાઓ કે ભજનરચનાઓ સમયની તેમની તે સમયની અંતર્દશા આપણામાં જાગેલી હોતી નથી. એટલે ખરી રીતે તો આપણે આપણી પોતાની જેવી સ્થિતિ હોય તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે તેમ આપણી પોતાની તે તે કાળે થયેલી આંતરદશાને યોગ્ય પ્રાર્થના કરીએ.

સાધનાનો મર્મ સમજાવતાં પૂજ્ય શ્રીમોટા દૈનિક જીવનના સામાન્યમાં સામાન્ય કાર્યોમાં પ્રાર્થનાનો વિનિયોગ કરવા જણાવે છે. જેમ કે, 'જમતી વખતે, પાણી પીતી વખતે, જીવનમાં ચેતનાશક્તિના અવતરણભાવની પ્રાર્થના કરવી. શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.'

પૂજ્ય શ્રીમોટાનું નામ ઘણાં વર્ષોથી સાંભળેલું પરંતુ તેમનાં પ્રત્યક્ષ દર્શન તો તા. ૬-૧૨-૧૯૬૯ના રોજ ડૉ. ઠાકોરભાઈ પટેલના સુપુત્રના લગ્ન પ્રસંગે તેમના ગામ મુંજ મહુડા ખાતે થયાં હતાં. માથા ઉપર સફેદ ફાળિયું, કમર સુધી ઉઘાડું શરીર ઉપર ઉપવસ્ત્ર અને કમરથી તે પગ સુધી ધવલ ધોતી પરિધાન કરેલ હતી. તેમની ઘઉંવર્ણી કાયામાંથી પવિત્રતા, શાતા અને પ્રસન્નતાનાં આંદોલનો વહી રહ્યાં હતાં. આજે પણ એ સ્મરણ પુલકિત કરી રહ્યું છે.

'અર્ઘ્ય', પ્ર.આ. પૃ. ૧૩૯ ❑

## (૩) 'રમણ તમાકુવાળા'ની વાત

**પ્રભુદાસ જાની અને**
**લતાબહેન જિતેન્દ્રભાઈ પાનવાલા**

'હરિવાણી-હરિભાવ'નું સંચાલન સદ્‌ગત શ્રી રમેશભાઈ ભટ્ટ સંભાળતા હતા, ત્યારે પ્રભુદાસ જાની એમના સહાયક તરીકે સેવાઓ આપતા હતા. એ અરસામાં પૂજ્ય શ્રીમોટાની એક ટેપવાણી અમારા સાંભળવામાં આવી હતી. સ્વજનોને એ ટેપવાણી તાજી થાય એ હેતુથી એ વાણી નીચે મુજબની હોઈ અત્રે પ્રસ્તુત કરી છે :-

***શ્રીમોટા :*** *એમના છોકરાની વહુ આંધળી થઈ ગયેલી. મેનિન્જાઈટીસમાં. શું ? બિલકુલ આંધળી. તે દેખતી પણ બની છે.*

***સ્વજન :*** *પેલા લવાછાવાળા છોકરાનું પણ એવું...*

***શ્રીમોટા :*** *હા, લવાછાવાળા છોકરાનું... જુઓને !*

***સ્વજન :*** *અને આપણે મોટા, નડિયાદમાં... હું હતો તે વખતે...*

***શ્રીમોટા :*** *રમણ ? રમણ તમાકુવાળો ? આ ભગવાનનું નામ કેટલું લેતો'તો. ક્લૉરોફૉર્મ આપેલું ત્યારે પણ નામ ચાલતું'તું અને સતત બોલ્યા કરતો'તો.* ***તે કંઈ એ બોલતો'તો ?*** *જોઈએ તેટલા દાખલા છે. ભઈ, ધનસુખ તારે જરા મેળવવા-એકઠા કર. યાર, તું ! કોઈક એવાયે નીકળવું જોઈએ. બાયોગ્રાફી ભવિષ્યમાં થાય ! આપણામાં કોઈ એવો છે નહિ. એવું કોઈ માણસ નીકળ્યું નહિ, કે આવા બધા દાખલા એકઠા તો કરી રાખે.*

*...મારા જીવનમાં ઘણા એવા દાખલા છે. હું તો કોઈને કહું કે જાવ, હું તમને સરનામાં બધાંનાં આપું. ત્યાં જઈને મળો. પૈસા મારા. જાવ ભઈ. ધનસુખ, જા. તું નીકળ-પ્રવાસે-બધાંને મળી આવ. પૈસા મારા. તો તને ખાતરી થાય યાર ! કારણ કે આપણે જીવદશાવાળા રહ્યા, તે આમેય ડોલક ખાઈએ અને આમેય ડોલક ખાઈએ...' (ધનસુખભાઈ ઘડિયાળી રહે. સુરતને ઉદ્દેશેલ છે. -સં.)*

પૂજ્ય શ્રીમોટાની ઉપરોક્ત ટેપવાણી સને ૧૯૯૬ના અરસામાં અમારા કાને પડી, એટલે શ્રી રમેશભાઈએ શ્રીમોટાના આ 'શબ્દ' પ્રમાણે બાયોગ્રાફીનું કાર્ય હાથમાં લીધું હતું. હરિવાણી ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળની મિટિંગમાં આ વિગતો રજૂ કરી હરિવાણી ટ્રસ્ટ આ કાર્ય સંભાળે એવો ઠરાવ કરાવેલો. ખર્ચની બાબતમાં તો પૂજ્ય શ્રીમોટાએ તેમના ઉપરોક્ત કથનમાં હૈયાધારણ આપી હતી, એટલે ટ્રસ્ટ, ખર્ચની બાબતમાં નિશ્ચિંત હતું.

હરિવાણી-હરિભાવ દ્વારા સ્વજનોને જાહેર વિનંતી કરવામાં આવી હતી કે પૂજ્ય શ્રીમોટાના પ્રેમસ્પર્શના કારણે તેઓના જીવનમાં જે કોઈ ઘટનાઓ બની હોય તે હરિવાણી ટ્રસ્ટને લખીને મોકલી આપે. એવો પણ વિકલ્પ અપાયો હતો કે કોઈ સ્વજનને જે તે ઘટનાની વિગતોને શબ્દસ્વરૂપ આપવામાં મુશ્કેલી જણાતી હોય તો ટ્રસ્ટ તરફથી જરૂરી મદદ અપાશે.

અમોને બરોબર યાદ છે કે આ ટેપના આધારે ટ્રસ્ટ વતી પ્રભુદાસ જાનીને સુરત મોકલી મેનિન્જાઈટીસમાં બિલકુલ આંધળી થયેલ બહેનનો સંપર્ક કરી તેની વિગતોની નોંધ કરવામાં આવી હતી. તે ઉપરાંત, લવાછા ગામે પણ તે જ સમયે જઈ 'લવાછાવાળા છોકરા' અંગે તપાસ કરી હતી. અને 'રમણ

તમાકુવાળા' અંગે પણ સ્વજનોમાં પૂછપરછ કરી હતી. 'લવાછાવાળા છોકરા' અને 'રમણ તમાકુવાળા'ની બાબતમાં જાણકારી મેળવવા પ્રયત્ન કરાયેલ પણ જે તે વખતે કોઈ નક્કર જાણકારી મળી શકી નહોતી. એટલે એ દિશામાં કોઈ વિશેષ પ્રયત્ન કરાયા નહોતા.

• • •

હવે 'રમણ તમાકુવાળા'ની વાત આવે છે.

પ્રભુદાસ જાની જ્યારે સુરત આશ્રમમાં મૌનમાં બેસે છે ત્યારે મૌન નિવેદનોની આશ્રમની ઑફિસમાં જળવાતી ફાઈલ ઉપર નજર નાખી જવાની તેમણે એક પ્રણાલિકા પાડી છે, એટલા માટે કે કોઈ મૌનનિવેદન 'હરિભાવ'માં પ્રકાશિત કરવું યોગ્ય જણાય તો તેની વિગત મેળવી લેવાય.

હમણાં છેલ્લા મૌન સમયે જે મૌન નિવેદનો ઉપર નજર નંખાઈ તેમાં **લતાબહેન જિતેન્દ્રભાઈ પાનવાલા**નું મૌનનિવેદન વાંચવા મળ્યું અને રમણ તમાકુવાળાના પ્રસંગની વિગતોની થોડીક જાણકારી મળી. એ આખું મૌન નિવેદન અત્રે પ્રકાશિત કરીએ છીએ ! એ પહેલાં એક સ્પષ્ટતા કરવાની કે પૂજ્ય શ્રીમોટાની આ ટેપવાણીનો પ્રભુદાસ જાનીએ પૂજ્ય શ્રીમોટા સાથેના પોતાના પરિવારના જે પ્રસંગોનું પ્રકાશન (**'ન ઓળખ્યા ભગવંતને'**) સને ૧૯૯૭માં કર્યું હતું, તેમાં ઉલ્લેખ કરેલ. ઉપરાંત, અમદાવાદનાં અન્ય સ્વજનો પોતાના પ્રસંગો નોંધે એ માટે પ્રભુદાસ જાની તેઓને અવારનવાર કહેતા હતા. સદ્‌ગત શ્રી સુશીલાબહેન અમીન દ્વારા પોતાના પ્રસંગો પ્રકાશિત કરાયા તે પુસ્તિકા **'સદ્‌ગુરુ સમીપે'** મૌનરૂમમાં લતાબહેનના વાંચવામાં આવ્યું. જેમાં ઉપરોક્ત ટેપવાણીનો ઉલ્લેખ થયો છે.

**મૌનનિવેદન :-**

નામ : લતાબહેન જિતેન્દ્રભાઈ પાનવાલા

સરનામું : ૪૫, મેઘના રૉહાઉસ, સિટી લાઇટ, સુરત. ઉંમર : વર્ષ ૬૦, મૌનરૂમ નં. ૪, દિવસ-૨૧.

તા. ૨૨-૩-૨૦૧૫ થી ૧૨-૪-૨૦૧૫

હરિઃૐ

પ્રથમ તો પૂજ્ય ગુરુદેવની માફી માંગું છું. મને આજે લખવાની પ્રેરણા થઈ કારણ કે આ વખતે મૌનમંદિરમાં મેં સુશીલાબહેન અમીનનું પુસ્તક **'સદ્‌ગુરુ સમીપે'** વાંચ્યું અને ભૂતકાળના દિવસો આંખો સામે તરી આવ્યા. પહેલા જ પાના ઉપર પૂજ્ય શ્રીમોટાએ મારા બાપુજીના નામનો ઉલ્લેખ કર્યો હતો. એટલે મને મનમાં થયું કે આ આખી વાત મારે લખવી જ જોઈએ. જેથી પૂજ્યશ્રીનો અહોભાવ કેવો છે અને હતો તેની લોકોમાં જાણ તો થાય.

મારા બાપુજી, રમણભાઈ તમાકુવાળા. ૧૮ જાન્યુઆરી ૧૯૩૮ની વાત. ટ્રેનમાં સુરતથી નડિયાદ મણિકાકાને ત્યાં કોઈ પ્રસંગે જતા હતા. ત્યાં પૂજ્ય શ્રીમોટા પણ આવવાના હતા.

વાસદ સ્ટેશન આવતાં ડબ્બાના દરવાજા પાસે ઊભા ઊભા ક્રિકેટની કૉમેન્ટ્રી સાંભળતા હતા. ક્રિકેટમાં ચોગ્ગો ફટકાર્યો એ સાંભળી તેઓ આનંદમાં આવી ગયા અને દરવાજાનો સળિયો હાથમાંથી છૂટી ગયો અને નીચે પડી ગયા.

ટ્રેનમાં બેઠેલા એક ભાઈએ એ જોયું એટલે એમણે સાંકળ ખેંચી. એમના પડી ગયા પછી સાત ડબ્બા પસાર થઈ ગયા હતા. અંદર બેઠેલા લોકોએ તો માન્યું કે હવે તો એ મરી જ ગયો હશે. જવા દો ! પરંતુ સાંકળ ખેંચવાથી ગાડી ઊભી રહી. પ્લૅટફૉર્મ અને ગાડી વચ્ચે પગ હતો. પગ આખો કચરાઈ ગયો હતો.

પાંસળીઓ તૂટી ગઈ હતી અને પોતે બેભાન થઈ ગયા હતા, પરંતુ સતત હરિઃૐ, હરિઃૐના નામનો જપ ચાલુ હતો અને ગુરુને પોકારતા હતા. ગુરુજીને એ બૂમો પાડતા હતા કે 'મને દસ વર્ષનું આયુષ્ય આપો, મારાં બાળકો નાનાં છે.'

અમે પાંચ ભાઈબહેન હતાં. સૌથી મોટો ભાઈ ૧૬ વર્ષનો અને સૌથી નાની બહેન ૬ વર્ષની.

લોકોનું ટોળું વળેલું હતું. એમને ટ્રેનમાં ચઢાવી દીધા. એટલામાં ટ્રેનમાં કોઈ દાક્તર હતા, તે આવ્યા અને એમને પાટાપિંડી કરવા લાગ્યા. સ્ટેશન માસ્તરે આણંદ ઉપર ફોન કરીને સ્ટ્રેચર-ઍમ્બુલન્સ તૈયાર રખાવ્યાં. રવિવારનો દિવસ હતો. આણંદની મિશન હૉસ્પિટલના ડૉક્ટર ખ્રિસ્તી હતા. સાંજે બહાર જતા હતા. તેમને ખબર આપ્યા તો સીધા હૉસ્પિટલમાં આવ્યા. આણંદ સ્ટેશન ઉપર ઉતાર્યા તો ત્યાં એક ભાઈ હતા એમને ખબર પડી કે સુરતના તમાકુના વેપારી છે. એ જોવા આવ્યા તો જાણીતા નીકળ્યા. એટલે દર્દી મારા સગા છે એમ કહી હૉસ્પિટલ લઈ ગયા. ત્યાં તાત્કાલિક ઑપરેશન કરીને પગ કાપી નાંખ્યો. પડી ગયા ત્યારથી ફક્ત હરિઃૐનો જપ સતત ચાલતો હતો અને ગુરુદેવને બૂમો પાડે. બીજું કંઈ ભાન નહિ.

પૂજ્ય શ્રીમોટાની કૃપાથી ખૂબ જ મદદ મળી ગઈ અને બધું સારી રીતે પાર પડ્યું. બ્લડની બૉટલો પણ તાત્કાલિક જોઈએ તો પેલા ટ્રેનવાળા ભાઈએ પોતાનું બ્લડ આપીને ત્યાર પૂરતું કામ પતાવ્યું અને એટલામાં બ્લડની બીજી બૉટલો આવી ગઈ.

સાત દિવસ પછી ફરીથી ઑપરેશન થિયેટરમાં લઈ ગયા. સાથે પૂજ્ય શ્રીમોટા પણ ગયા અને આખા શરીર ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું, 'ભઈલા, તું બચી ગયો. પણ તારો પગ જેણે આપેલો તેણે લઈ લીધો છે, પરંતુ ચિંતા કરતો નહિ.'

ત્યાર પછી તો એ પોતે લ્યૂના ચલાવતા હતા. મૌનમંદિરમાં વર્ષમાં એકવીસ દિવસ બેસતા હતા. તે પહેલાં પાંત્રીસ દિવસ બેસતા હતા. પછી પૂજ્ય શ્રીમોટાએ ના પાડી હતી અને કહેલું કે હવેથી એકવીસ દિવસ જ બેસવાનું ત્યારે એમના માટે મૌનરૂમ નંબર પાંચ હતો. કોઈને બેસવાનું હતું નહિ પરંતુ અંદર ટેબલ-ખુરશી હતાં, એટલે એમને એ જ રૂમમાં બેસવાનું થતું હતું.

આગળ હવે શું લખું ? આવું તો ઘણું બધું જાતે જોયું છે અને અનુભવ્યું છે, પરંતુ હવે આગળ લખવાની ક્ષમતા નથી. માફી માંગું છું. ફરી કોઈ વાર ઋણ ચૂકવવાનું થશે તો આગળ વાત. હરિઃૐ.

● ● ●

લતાબહેનના ઉપરોક્ત નિવેદન બદલ અમો એમનો ઘણો ઘણો આભાર વ્યક્ત કરીએ છીએ. આટલાં વર્ષો બાદ પૂજ્ય શ્રીમોટાના શ્રીમુખે નીકળેલા શબ્દો-'રમણ તમાકુવાળો...' ક્લૉરોફાર્મ આપેલું ત્યારે પણ નામ ચાલતું'તું અને સતત બોલ્યા કરતો'તો. તે કંઈ એ બોલતો'તો ?' આ ગૂઢ શબ્દોનો લેખિત આધાર લતાબહેને આપણને પૂરો પાડ્યો છે.

પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી વાળી વાત તો આજે પણ અપૂર્ણ છે. સ્વજનો તરફથી તેઓના અંગત, કૌટુંબિક, સમાજિક, આર્થિક વગેરે પ્રકારના જીવનમાં પૂજ્ય શ્રીમોટાની કૃપા-સહાયથી જે ઘટનાઓ બની હોય તે વ્યક્ત કરવામાં સ્વજનો આનાકાની-હિચકિચાટ કરે રાખે છે, સદ્‌ગત શ્રી રમેશભાઈએ પ્રારંભેલ કાર્ય માટે હરિવાણી ટ્રસ્ટ આજે પણ તત્પર છે ! જો સ્વજનોનો સાથ-સહકાર મળી રહે તો...! ❑

## (૪) પંચકોશાતીત આત્મા

**સ્વામી પ્રકાશાનંદજી**

તૈત્તિરીય ઉપનિષદમાં સ્થૂળ શરીરમાં અન્નમય, સૂક્ષ્મ શરીરના ત્રણ વિભાગ કરી તેમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય તથા કારણ શરીરમાં આનંદમય એમ પાંચ કોશો કહેલા છે. કોશ એટલે આવરણ. અન્નમયાદિ પાંચ તલવારના મ્યાનની પેઠે આત્માના સ્વરૂપને ઢાંકે છે, તેથી તે 'કોશ' કહેવાય છે.

શ્રી વિદ્યારણ્ય સ્વામી પંચદશીમાં કહે છે કે અન્ન, પ્રાણ, મન, બુદ્ધિ (વિજ્ઞાન) અને આનંદ એ પાંચ કોશો કહેવાય છે. તેમનાથી વીંટાયેલો આત્મા પોતાના વિસ્મયથી સંસારને પામે છે.

**અન્નમય કોશ :** પંચદશીમાં જણાવ્યા પ્રમાણે પંચીકૃત મહાભૂતોથી ઉત્પન્ન થયેલો સ્થૂળ દેહ અન્નથી જ ઉત્પન્ન થઈ વૃદ્ધિ પામતો હોવાથી એને અન્નમય કોશ કહેવાય છે. તે આત્મા નથી, કારણ કે અન્નમય કોશની ઉત્પત્તિ તથા વિનાશ જોવામાં આવે છે. આત્મા તો અનાદિ તથા અવિનાશી છે.

સ્થૂળ દેહ એ બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થાને લીધે વિકારી છે. જ્યારે આત્મા અવિકારી છે. અન્નમય કોશ (સ્થૂળ દેહ) આત્મા નથી. વળી, મારો દેહ રોગી છે-વગેરે અનુભવ સર્વેને થાય છે. તે અનુભવથી દેહનો દ્રષ્ટા સાક્ષી આત્મા દેહથી ભિન્ન જ છે.

**પ્રાણમય કોશ :** લિંગદેહમાં રાજસ પ્રાણ અને કર્મેન્દ્રિયો મળીને પ્રાણમય કોશ થાય છે. અપંચીકૃત પંચમહાભૂતના રજોગુણથી ઉત્પન્ન થયેલા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ પ્રાણો અને વાણી, હાથ, પગ, ગુદા અને લિંગ એ પાંચ કર્મેન્દ્રિયોનો સમાવેશ પ્રાણમયકોશમાં થાય છે. દેહમાં પૂર્ણ (વ્યાપક) બળને આપનાર ઈન્દ્રિયોના પ્રવર્તક વાયુને પ્રાણમય કોશ કહે છે. તે ચૈતન્યરહિત હોવાથી આત્મા નથી.

ક્રિયાભેદે પ્રાણનાં પાંચ જુદાં જુદાં નામ પડેલાં છે. (૧) હૃદય જેનું સ્થાન છે તથા ભૂખ-તરસની ઈચ્છારૂપ ક્રિયાવાળો છે તે પ્રાણ કહેવાય છે. (૨) જેનું સ્થાન ગુદા છે તથા મળમૂત્રને નીચે લઈ જવાની જે ક્રિયા કરનાર છે તે અપાન કહેવાય છે. (૩) જે નાભિમાં રહી ખાધેલ-પીધેલ અન્નજળને પાચન યોગ્ય કરે છે તે સમાન કહેવાય છે. (૪) કંઠસ્થાનમાં રહી શ્વસનક્રિયા કરે છે તે ઉદાન કહેવાય છે. (૫) આખા શરીરમાં રહી રસ એકઠા કરવાની ક્રિયા કરનાર વ્યાન કહેવાય છે.

આ પાંચ પ્રાણો ઉપરાંત પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચેના રજોગુણ અંશથી ઉદ્‌ગાર, નિમેષ અને ઉન્મેષ એટલે આંખની ઉઘાડવાસ, છીંક, બગાસું અને મૃતશરીરને ફુલાવવાની ક્રિયા કરનાર અનુક્રમે નાગ, કૂર્મ, કૃકલ,દેવદત્ત ને ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે.

શરીરમાં વધારે ઓછું બળ પ્રાણને લીધે જ હોય છે. તેમ જ પ્રાણમય કોશને લીધે જ નેત્રમાં રૂપગ્રહણની, શ્રોતમાં શબ્દગ્રહણની, ત્વચામાં સ્પર્શગ્રહણની, જિહ્‌વામાં રસગ્રહણની અને નાસિકામાં ગંધગ્રહણની શક્તિ છે. તેવી જ રીતે પ્રાણમય કોશ વડે જ હાથમાં ગ્રહણ કરવાની, પગમાં ચાલવાની વગેરે પાંચ કર્મેન્દ્રિયોમાં પણ પોતપોતાનાં કાર્ય કરવાની શક્તિ રહેલી છે.

આમ છતાં પ્રાણમય કોશ આત્મા નથી. આત્મા નિષ્ક્રિય છે. પ્રાણમય કોશ ક્રિયાશક્તિ-વાળો છે. પ્રાણ જે ચેષ્ટા કરે છે તે આત્માની શક્તિને લીધે કરે છે. આત્મા અજન્મા છે જ્યારે પ્રાણ તથા કર્મેન્દ્રિયોની રજોગુણથી ઉત્પત્તિ માનેલી છે.

**મનોમય કોશ :** જ્ઞાનેન્દ્રિયો અને સંશયવાળું મન મળીને મનોમયકોશ કહેવાય છે.

પંચમહાભૂતોના સાત્ત્વિક અંશના કાર્યરૂપ સંકલ્પવિકલ્પવાળું મન તથા સત્ત્વગુણથી ઉત્પન્ન થયેલી પાંચ જ્ઞાનેન્દ્રિયો-શ્રોત, ત્વક્, ચક્ષુ, રસના તથા ઘ્રાણેન્દ્રિય એ છ મળીને મનોમય કોશ કહેવાય છે.

‘હું દેહ જ છું’ તથા સ્ત્રી, પુત્ર, ધન આદિ મારાં છે એવી મમતા તથા કામાદિ વિકાર તે મનોમય કોશ છે પણ મનોમય કોશ આત્મા નથી કારણ કે તે પણ દેહની પેઠે વિકારી અને ઉત્પત્તિવાળો છે.

**વિજ્ઞાનમય કોશ :** પંચમહાભૂતના સત્ત્વ ગુણથી ઉત્પન્ન થયેલી નિશ્ચયાત્મિકા બુદ્ધિ તથા જ્ઞાનેન્દ્રિયો મળીને વિજ્ઞાનમય કોશ કહેવાય છે.

જાગ્રત અવસ્થામાં નખના અગ્ર ભાગ સુધી આખા શરીરમાં વ્યાપીને રહેનારી અને સુષુપ્તિ અવસ્થામાં લીન થયેલી તેમ જ ચિદ્‌ની છાયા-આભાસવાળી બુદ્ધિ વિજ્ઞાનમય કોશ કહેવાય છે.

આ વિજ્ઞાનમય કોશ આત્મા નથી, કારણ કે તેનો સુષુપ્તિ અવસ્થામાં અજ્ઞાનમાં લય થાય છે. જ્યારે આત્મા તો અવિનાશી અને સદા પ્રકાશમાન છે.

મનોમય કોશ અને વિજ્ઞાનમય કોશ એક જ અંતઃકરણના વિભાગ છે. છતાં મનને અંતરનું કરણ-ઇન્દ્રિય કહેવાય છે જ્યારે વિજ્ઞાન-બુદ્ધિ કર્તા કહેવાય છે.

સત્ત્વ ગુણ અને રજો ગુણની અવસ્થાઓના ભેદથી લિંગદેહમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એમ ત્રણ કોશો છે. રજો ગુણની અવસ્થા પ્રાણમય કોશ કહેવાય છે. કેવળ સત્ત્વ ગુણની અવસ્થા વિજ્ઞાનમય કોશ કહેવાય છે.

**આનંદમય કોશ :** ઇચ્છિત વસ્તુનાં દર્શનથી જે સુખ થાય તે પ્રિય કહેવાય છે. ઇચ્છિત વિષયની પ્રાપ્તિથી જે આનંદ થાય તેને મોદસુખ અને ઇચ્છિત વસ્તુને ભોગવવાથી જે સુખ થાય તેને પ્રમોદસુખ કહેવાય છે.

પુણ્યના ઉપભોગ સમયે કોઈ અંતર્મુખ વૃત્તિ આનંદના પ્રતિબિંબને ભોગવનારી થાય છે અને તે જ અંતર્મુખ વૃત્તિ ભોગની શાંતિ સમયે નિદ્રા રૂપે વિલીન થાય છે. તેને આનંદમય કોશ કહે છે.

આ આનંદમય કોશ આત્મા નથી કારણ કે તેમાં રહેલો આનંદ પુણ્યના ઉપભોગ સમયે તેમ જ ગાઢ નિદ્રામાં જ રહે છે. વીજળીના ચમકારા પેઠે તે ક્ષણિક હોઈ સુખાનુભવમાં સુખદાયી વિષયોનો જ્યાં સુધી સંયોગ હોય ત્યાં સુધી જ રહે છે. તે પદાર્થનો વિયોગ થતાં તે નાશ પામે છે. જ્યારે આત્માનંદ નિત્ય હોઈ સદા એકસરખો જ રહે છે.

આ પ્રમાણે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોશો આત્મજ્ઞાન થવામાં આવરણરૂપ છે. તેઓ પૈકી એકેયના ગુણ આત્મામાં સંભવતા નથી. માટે આત્મા આ બધાથી જુદો છે.

‘આપણો ધર્મ’, ત્રીજી આ. પૃ. ૩૨૩ ❑

## (૫) પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન ઉત્સવ

સંપાદક

# આમંત્રણ પત્રિકા

॥ હરિઃૐ ॥



**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્ર સુદ નોમ (રામનવમી) એ પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન હોઈ, તે નિમિત્તે પૂજ્ય શ્રીમોટા તથા તેમની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનો મિલન સમારંભ રવિવાર તા. ૨૪-૪-૨૦૧૬ના રોજ યોજવાનો અવસર અમોને પ્રાપ્ત થયો છે. આ મિલન સમારંભમાં આપ સૌને સપરિવાર-મિત્રમંડળ સહિત ઉપસ્થિત રહેવા હૃદયપૂર્વક આમંત્રણ પાઠવીએ છીએ, જે સ્વીકારી ઉપકૃત કરશોજી.

**: સ્નેહાધીન :**

| | |
|---|---|
| સ્વ. કંચનભાઈ નારણભાઈ રાણા | શ્રીમતી દીપાલી ચિંતનકુમાર કાપડિયા : દીકરી |
| ગં.સ્વ. મંજુલાબહેન કંચનભાઈ રાણા | શ્રી ચિંતનકુમાર મહેશભાઈ કાપડિયા : જમાઈ |

**: મિલન સમારંભ તથા ઉતારાનું સ્થળ :**

**શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચની વાડી, બમનજી સ્ટ્રીટ, રૂઘનાથપુરા, સુરત-૩૯૫ ૦૦૩.**

**વિજ્ઞપ્તિ :** તા. ૨૩-૪-૨૦૧૬, શનિવારે સાંજે બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઇચ્છનાર સ્વજનોએ આપ કેટલાં સ્વજનો પધારશો, તે તા. ૧૯-૪-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે પત્ર/ટેલિફોન દ્વારા જાણ કરવા વિનંતી છે.

(૧) **શ્રી ક્રિષ્ણકાંત એસ. છત્રપતિ**-૨૧, બૅંક ઑફ ઇન્ડિયા સોસાયટી, નવયુગ કૉલેજ પાસે, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ફોન : (૦૨૬૧) ૨૭૮૪૩૯૮, (મો.) ૦૮૮૬૬૬૦૧૪૮૬

(૨) **સનમુખલાલ સાકેરલાલ જીનવાલા**-૪૪, નીલમ સોસાયટી, શારદાયતન સ્કૂલની ગલીમાં, ઉમરા, સુરત (મો. ૦૯૩૭૪૧૭૭૮૮૮)

(૩) **ગં.સ્વ. મંજુલાબહેન કંચનલાલ રાણા** - શાંતિકુંજ સોસાયટી, સુગમચંદ સોસાયટી, નાથદ્વારા એપાર્ટમેન્ટની ગલી, ઢબુવાલાની ગલી, નવસારી બજાર, સુરત. (મો. ૦૯૯૭૮૦૬૪૦૯૫)

**: કાર્યક્રમ :**

**તા. ૨૩-૪-૨૦૧૬, શનિવાર સાંજે**

૫.૦૦ થી ૬.૦૦ હરિઃૐ ધૂન (લવાછા મંડળ)
૬.૦૦ થી ૭.૦૦ પૂજ્ય શ્રીમોટા વિશે વાર્તાલાપ
૭.૦૦ થી ૮.૦૦ બાળકોની વક્તૃત્વ સ્પર્ધા
૮.૦૦ થી પ્રસાદ

**તા.૨૪-૪-૨૦૧૬, રવિવાર સવારે**

૭.૩૦ થી ૮.૦૦ હરિઃૐ ધૂન, શ્રી જયંતીભાઈ જાની
૮.૦૦ થી ૮.૪૫ : સમૂહ પ્રાર્થના, આરતી
૮.૪૫ થી ૧૦.૦૦ : ભજનો- ગણેશ ગ્રુપ
૧૦.૦૦ થી ૧૦.૩૦ : મોટાવાણી - કેસેટ
૧૦.૩૦ થી ૧૧.૩૦ : પ્રવચન-ડૉ. શશિકાંત શાહ
૧૧.૩૦ થી ૧૨.૦૦ : ગુરુવંદના-અર્પણવિધિ-યજમાન આભારવિધિ
૧૨.૦૦ થી પ્રસાદ

પશુયોનિ, જળચરયોનિ, વનસ્પતિયોનિ એ બધામાં મનુષ્ય જીવન વિશેષ પ્રકારનું છે. મનુષ્ય જ વિકાસશીલ છે.

આપણા શરીરમાં જે ચેતન છે તેના કારણે આપણે સ્પર્શ કરી શકીએ, સૂંઘી શકીએ, સાંભળી શકીએ. વળી મન, બુદ્ધિ, ચિત્ત પાછળ પણ શક્તિ રહેલી છે. વિજ્ઞાનમાં ટેક્નિકલ શબ્દો હોય, તેમ અધ્યાત્મમાં એ શક્તિને પ્રકૃતિ કહી. પ્રકૃતિ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા વગેરે. ટૂંકમાં કહીએ તો દ્વંદ્વ અને ગુણ. એ આપણી પ્રકૃતિ કહેવાય.

જેમ તાપીમાતાનો પટ છે અને પાણીનો પ્રવાહ તેમાં જ વહ્યા કરે તેમ આપણી શક્તિ પ્રકૃતિના પટમાં જ વહ્યા કરે છે. આ તાપી નદી ઉપર કાકરાપારનો બંધ બાંધ્યો છે અને એમાંથી નહેર કાઢી છે. તેવી રીતે આ પ્રકૃતિમાં પણ બંધ બાંધીને ચેતનની શક્તિને બીજી દિશામાં લઈ જઈ શકીએ. પણ આપણને ગરજ જાગી નથી અને એટલે એકાગ્રતા પણ પ્રગટતી નથી. આપણામાં ચેતન Divine Enegry છે એ વાત તો સાચી છે. જેમ વિજ્ઞાનીઓ થઈ ગયા તેમ આપણા અધ્યાત્મ વિજ્ઞાનમાં પણ એવા પુરુષો થઈ ગયા છે. માત્ર આપણા દેશમાં નહિ, બીજા દેશોમાં પણ એવા પુરુષો થઈ ગયા છે.

સંસારમાં ઘણા પ્રકારના સંઘર્ષો, તાપ, સંતાપ, ક્લેશ, ત્રાસ, કષ્ટ વગેરે આવ્યા જ કરે છે. સુખ આવે છે ખરું પણ તે સુખ તો ટકતું જ નથી. અનંત કાળ સુધી સુખ ટક્યા કરે ત્યારે ખરું. પરંતુ તેવા **અનંત સુખ માટે કોઈ પ્રયત્ન કરતું નથી.** બહુ જ થોડા જેને Microscopic minority કહીએ એવા બહુ જ થોડા આ તરફ વળે છે.

વિજ્ઞાનના અનુભવો તો પ્રકૃતિના પ્રદેશના છે, એટલે સહેલાઈથી સમજાય છે. પણ આધ્યાત્મિક અનુભવો તો પ્રકૃતિથી ઉપરના પ્રદેશના છે. એટલે એકદમ સહેલાઈથી અનુભવી શકાતા નથી. જ્યાં સુધી ગરજ ન જાગે, ભૂખ ન જાગે, તાલાવેલી ન જાગે ત્યાં સુધી એવા અનુભવો ન થાય. આપણે એ બાબતમાં વિચાર જ કરતાં નથી. ખાવું, પીવું અને લહેર કરવી એમાં જ બધું સમાઈ જાય છે.

આપણો સમાજ એક એક વ્યક્તિનો બનેલો છે. એ સમાજમાં આપણે રહીએ છીએ. સમાજથી આપણે નોખાં નથી પણ એટલું પણ સમજે એવું કોઈ નથી. હું તો સમાજમાં ઘણું ઘણું ફર્યો છું. ભંગીના ઘરથી તે રાજાના ઘેર પણ મેં રોટલા ખાધા છે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે. જેમ આપણું શરીર છે, તેને આંખ છે, કાન છે, નાક છે, પેટ છે, આંતરડાં છે, પગ છે-આ બધા શરીરનાં અંગ છે ને શરીર માટે કામ કરે છે. તેમ આપણે સમાજના અંગ

છીએ અને સમાજ માટે કામ કરવું જોઈએ. આપણને હજી એનું ભાન જાગ્યું નથી. સમાજનું હિત એ આપણું હિત છે. સમાજના હિતથી વિરુદ્ધમાં આપણાથી વર્તી શકાય નહિ.

પશ્ચિમના દેશોને આપણે ભૌતિકવાદી માનીએ છીએ. પણ એ લોકો સમાજને બહુ મહત્ત્વ આપે છે. એ લોકો રેડિયો મૂકશે તો બાજુવાળાને ત્રાસ ન થાય તેની કાળજી લેશે. રાત્રે સિનેમા જોઈ આવીને દાદર ચઢતા હોય તોય અવાજ નહિ થાય એની પણ કાળજી રાખે.

ભાવના જ્યારે અખંડપણે પ્રગટે ત્યારે આપણી પ્રકૃતિનું રૂપાંતર થાય છે એમ મેં જાતે નરસિંહ મહેતાની જેમ અનુભવેલું છે. પણ મને કોઈ માનતું નથી. છતાં હું તો બધાંને પ્રેમ કરું છું. મને સો ટકાની ખબર છે કે તે પ્રમાણે મને કોઈ પ્રેમથી માનતું નથી. હું સમાજનો પ્રચલિત રૂઢિગત શબ્દ બોલું છું. બાકી 'સમાજ' તો હું મારા ભગવાનને કહું છું.

આપણે જેના વડે સ્પર્શ, રસ, ગંધ, સ્વાદ અનુભવીએ છીએ એને યાહોમ કરીને ઝંપલાવી જાણવાને આપણને ગરજ જાગી નથી. કહેવત છે કે 'ગરજવાનને અક્કલ નહિ' પણ જ્યારે એવી ગરજ પ્રગટે છે સાહેબ ! ત્યારે આ પ્રકૃતિ ગૌણ બની જાય છે.

'સ્વજનોને સંબોધન', પ્ર. આ. પૃ. ૪૮ ❑

## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : બી-૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી-૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, પ્રભુદાસ જાની આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૧૬ પ્રકાશકની સહી
અમદાવાદ. **પ્રભુદાસ જાની**

## (૭) સ્ત્રી-જાગૃતિ અને ગાંધીજી

નારાયણ દેસાઈ

સ્ત્રી-જાગૃતિ અંગે ગાંધીજીની વિચારવાની રુચિ નિરાળી હતી. સામાન્ય રીતે પશ્ચિમના દેશોમાં સ્ત્રી-જાગૃતિનો અર્થ સ્ત્રીઓને પોતાના અધિકારો વિશે સભાન કરવી અને તે અધિકાર મેળવવા સારુ અરજીઓ, દેખાવો કે આંદોલનો કરવાં એવો થાય છે. પણ માણસ માત્રે અધિકારનો વિચાર કરતાં પહેલાં કર્તવ્યનો વિચાર કરવો જોઈએ એમ માનનાર ગાંધીજી કેવળ અધિકાર મેળવવા માટેની જાગૃતિની ફિકર શા સારુ કરે ?

ગાંધીજી એમ માનતા હતા કે અન્યાય કરવો એ જેમ ગુનો છે, તેમ અન્યાય સહેવો એ પણ ગુનો છે. તેઓ તો એટલે સુધી માનતા કે અન્યાય થઈ શકે છે એટલા માટે કે એ અન્યાયને સાંખી લેવામાં આવે છે. પરિણામે ગાંધીજી એમ માનતા હતા કે સ્ત્રી પોતાની ઉપર થતા અનેક પ્રકારના અન્યાયોને જો કબૂલ ન કરે તો એ અન્યાયની ઈમારત પાયામાંથી કડડભૂસ થઈ જાય.

ગાંધીજીએ પોતાના જીવનમાં જ જોયું હતું કે કસ્તૂરબા પોતે ગાંધીજી તરફથી થતો કોઈ અન્યાય સાંખી લેતાં નહિ, તેમ જ સામા થઈને ગાંધીજી સાથે ઝઘડવા પણ જતા નહિ. છેવટે કસ્તૂરબાની જીત થતી અને ગાંધીજી પોતાની ભૂલ સમજતા. એટલે જ ગાંધીજી કહેતા કે અહિંસાનો પહેલો પાઠ તેઓ કસ્તૂરબા પાસે શીખ્યા હતા ! ગાંધીજી કહેતા કે સ્ત્રીઓને ‘અબળા’ કહેવી એ તો એનામાં રહેલી મૂળ આત્માની તાકાતની અવગણના કરવા બરાબર છે.

દાંડીકૂચ વખતે એક પણ બહેનનો તેમાં સમાવેશ ન થતાં બહેનોએ તે અંગે રજૂઆત કરી. તેના જવાબમાં ગાંધીજીએ કહેલું કે બહેનોને કૂચનું હળવું કામ સોંપવાને બદલે વધારે પરાક્રમનાં કામો લેવાનાં છે. ગાંધીજીએ દારૂની દુકાન પર પિકેટિંગ કરવાનું કામ બહેનોને સોંપ્યું ત્યારે ગાંધીજીના અનેક સાથીઓને એનાં ભયસ્થાનો દેખાયાં હતાં. એક એક પીઠા પર બે કરતાં વધુ બહેનો રાખવાની મનાઈ હતી. આવા સ્થળે અસામાજિક તત્ત્વોનો સામનો કરવો પડતો. બહેનોએ તે કામ ખૂબ હોંશભેર, બહાદુરીપૂર્વક ઉપાડી લીધું.

ધરાસણામાં નરહરિ પરીખને સખત માર મારવામાં આવ્યો. તેઓ બેહોશ થઈ ગયા. એમનાં પત્ની મણિબહેન તે સમયે સાબરમતી ગામના દારૂના પીઠા પર પિકેટિંગ કરી રહ્યાં હતાં. એમની સાથે જોડી તરીકે એમની દસેક વર્ષની દીકરી વનમાળા હતી. અફવા આવી કે ધરાસણામાં નરહરિભાઈના પ્રાણ ગયા. હવે કોઈ પણ સ્ત્રીને એના પતિના મરણના સમાચાર સાંભળીને કેવો આઘાત લાગે, પણ મણિબહેને અદ્‌ભુત ધીરજ અને તાકાત બતાવી. એમણે કહ્યું, ‘મને તો બાપુએ અહીં ફરજ પર ઊભી કરી છે એટલે મારાથી તો એક ડગલુંયે ન ખસાય’ પણ એમણે દીકરીને આશ્રમમાં સાચા સમાચાર જાણવા મોકલી.

આઝાદીની લડતમાં બહેનોનો આત્મવિશ્વાસ

વધ્યો. અનેક બહેનોએ ભલભલા જવાબદારીનાં કામો પણ સંભાળ્યાં, સેંકડો નહિ પણ હજારો બહેનોએ સત્યાગ્રહમાં ભાગ લીધો.

ગાંધીજીએ બહેનોને સૂચવેલું બીજું મહત્ત્વનું કામ રચનાત્મક કાર્યક્રમોનું હતું. ખાદીનું કામ એ માત્ર મજૂરી આપવાનું કામ નહોતું. એની સાથે સાથે એમને આત્મવિશ્વાસ અપાવી આત્મનિર્ભર બનાવવાનું હતું. સંકટના પ્રસંગોએ ગાંધીજીએ સ્ત્રીઓને મોટી જવાબદારીનાં કામ સોંપીને એમની પાસે અસાધારણ કામો લીધાં.

નોઆખલીની 'એકલા ચલો' યાત્રા વખતે કેટલીયે બહેનોને ગાંધીજીએ સાવ એકલી ભયંકર હિંસાના વાતાવરણ વચ્ચે ગામડે ગામડે ફરતી કરી હતી. નાનકડી મનુ ગાંધી તો ગાંધીજીની પડખે એમની છાયા બનીને ચાલી. બીબી અમતુસ્સલામ, મૃદુલા સારાભાઈ, માલતીદેવી ચૌધરી જેવી બહેનો પણ હુલ્લડ-ગ્રસ્ત ક્ષેત્રોમાં ફરી હતી અને ત્યાં શાંતિ સ્થાપવામાં સફળ થઈ હતી. ભારતના વિભાજનના દિવસોમાં અનેક બહેનો બંને દેશોમાં દોડધામ કરીને અનાથ બનેલી, લૂંટાયેલી કે પરિત્યક્તા બહેનોને ગુંડાઓના પંજામાંથી છોડાવી લાવી હતી.

આમ, ગાંધીજીએ સ્ત્રીઓ પાસે રાજનૈતિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, નૈતિક-બધાં પ્રકારનાં કામો લઈને તેમનામાં અપૂર્વ જાગૃતિ આણી હતી. સત્યાગ્રહનું આંદોલન તો ખુલ્લું આંદોલન હતું. તેથી પ્રજામાં અને ઘણીવાર વિરોધીઓમાં પણ સત્યાગ્રહી બહેનો વિશે વિશ્વાસ વધતો ગયો.

ગાંધીજી ભારતની નારીમાં આટલી બધી જાગૃતિ લાવી શક્યા એનું મુખ્ય કારણ એ હતું કે તેમને પોતાને સ્ત્રી અને પુરુષ સમાન લાગતાં હતાં. માતા તરીકે તેમને સ્ત્રીઓ પ્રત્યે ખૂબ માન હતું. વળી, તેમની કામ કરવાની રીતમાં હકને બદલે ફરજની વાત પહેલાં આવતી હતી. તેથી બહેનોમાં ત્યાગ, સેવાભાવના, મક્કમતા અને બહાદુરીના ગુણો ખીલતા હતા.

ગાંધીજી એવું માનતા હતા કે મનુષ્યના આત્માને કોઈ જાતિ હોતી નથી. સ્ત્રી-પુરુષોમાં જે ફરક છે તે સ્ત્રીઓએ પુરુષોના ગણાતા ગુણો કેળવીને અને પુરુષોએ સ્ત્રીઓના ગણાતા ગુણો કેળવીને ઓછા કરતાં જવું જોઈએ.

'મહિલા શક્તિ જાગૃતિ-ઉદય, ઉત્થાન, ઉન્નતિ', વીસમી સદી, ગુજરાત, પ્ર. આ. પૃ. ૨૬ ❑

**ગયેલા આત્માને...**

૧. પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હાર્મોનિયમના સહારે સ્વજનોને નામસ્મરણ કરાવનાર, સ્વાતંત્ર્ય સેનાની, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા **શ્રી કનુભાઈ રેવાશંકર મહેતાનો** જઈફ વયે અમદાવાદ મુકામે તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ દેહાંત થયો છે.

૨. પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી **માલતીબહેન મધુકર લ. પટેલ**નો જઈફ વયે તા. ૨૯-૧-૨૦૧૬ના રોજ અમદાવાદ મુકામે દેહાંત થયો છે.

શ્રીહરિ આ ગતાત્માઓનું સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.

**-સંપાદક**

## (૮) પૂજ્ય શ્રીમોટાએ અમારી સંભાળ રાખી છે

જયાબહેન ગુમાનસિંહ રાજ

*(મંગલેશ્વર (ભરૂચ)ના પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી ગુમાનસિંહ રાજની ભાવભક્તિ અને ભોળા સ્વભાવથી કેટલાંક સ્વજનો જાણકાર છે. તેઓ રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયામાં મોટા અધિકારી હતા. સદ્‌ગત શ્રી ગુમાનસિંહનાં ધર્મપત્ની શ્રી જયાબહેન રાજ એક વખત સુરત આશ્રમે પધાર્યાં હતાં ત્યારે તેઓએ પોતાના પરિવારની સંભાળ પૂજ્ય શ્રીમોટાએ જે રાખી હતી તેની વિગતો ઉપસ્થિત સ્વજનો સમક્ષ કરી હતી. તેની નોંધ આશ્રમ તરફથી મળતાં તેની સંપાદિત વિગતો અત્રે પ્રકાશિત કરી છે. **-સંપાદક**)*

મારા પિયરમાં તો મોટાને કોઈ ઓળખે કે જાણે કરે નહિ. અમે બધાં સ્વામીનારાયણના સત્સંગી. પાછળથી પરિવારનાં બધાં મોટાને જાણતા થયાં તે ગુમાનસિંહ રાજના કારણે.

ગુમાનસિંહ રાજ અહીં સુરત આશ્રમમાં મૌનમાંથી બહાર નીકળેલા એ વખતે પૂજ્ય શ્રીમોટાએ અહીં આશ્રમમાં જ અમારા બંનેના સગપણની વિધિ કરાવેલી.

મને યાદ છે કે અમારાં લગ્ન પછી એકવાર રાજ મને નડિયાદ આશ્રમે લઈ ગયા હતા. નડિયાદ રેલવે સ્ટેશને ઊતરી ટાંગામાં અમે આશ્રમે ગયાં હતાં. રસ્તામાં શ્રી રાજ મને કહે કે 'જોજેને મોટા તો મારી રાહ જોતા હશે.' પણ મને બહુ વિશ્વાસ નહિ અને મને એમ કે એમ તો કોઈ સંત કોઈની રાહ જોતું હશે ! રાજ તો ભલેને બોલ્યા કરે પણ અમે જ્યાં આશ્રમે પહોંચ્યાં ત્યાં પૂજ્ય મોટા તો આશ્રમને ઝાંપે આવીને ઊભેલા. રાજને જોઈને મોટા બોલ્યા, 'આવી ગયો ભઈલા, હું તારી જ રાહ જોતો ઊભો છું અને રાજને મોટા ભેટી પડ્યા. એ વખતે ગુમાનસિંહની આંખમાં આંસુ હતાં, પણ સાથે સાથે મોટાની આંખમાં પણ એટલાં આંસુ હતાં. પછી મોટા તો હાથ પકડીને એમને અંદર લઈ ગયા.' મને કંઈ બહુ શ્રદ્ધા મળે નહિ આ બાબતમાં, પણ રાજ તો એટલું જ બોલ્યા કરે કે મોટા એટલે મોટા !

ગુમાનસિંહ સાથે મારે પૈસાની બાબતે બહુ ઝઘડો થતો. પગાર આવે એટલે (મોટી રકમ) એ મોટાને આપી દે. મારામાં માલિકીભાવ બહુ ભારે હતો. ઘણી બહેનોમાં હોય છે એવો મારો ભાવ કે પુરુષો તો બૈરાના કાબૂમાં રહેવા જોઈએ અને અમે કહીએ તે જ થવું જોઈએ. એટલે વારંવાર એકની એક બાબતે અમારી વચ્ચે ઝઘડો થાય, એટલે એકવાર તો મેં મનથી નક્કી કરી લીધું કે હવે તો ફેંસલો કરી નાખવો. પહેલાં ઘરખર્ચની બધી રકમ મળવી જોઈએ પછી બીજી વાત.

આવા વિચારો ચાલતા હતા એવામાં મને પેટમાં કંઈક તકલીફ થઈ. ડૉક્ટરને બતાવ્યું તો કહે ઑપરેશનથી ગાંઠ કાઢવી પડશે. મારે માથે તો મોટું સંકટ આવ્યું. બાળકો નાનાં. ઑપરેશન કરાવવાનું નક્કી કર્યું. મને સ્ટ્રેચર ઉપર સુવાડી ઑપરેશન રૂમમાં લઈ જતા હતા. એ વખતે કોણ જાણે કેવી રીતે પણ મને મોટા યાદ આવ્યા અને મેં ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી કે, 'હે મોટા, મને સંભાળજો. મારાં બાળકો નાનાં

છે અને જો મને કંઈક થઈ ગયું તો આ બાળકોનું કોણ ? મારી રક્ષા કરજો.' ડૉક્ટરોએ ઈંજેક્ષન આપ્યું ને મારી આંખ મિચાઈ ગઈ.

મારા ઑપરેશનની વાત અમોએ મોટાને કંઈ અગાઉથી જણાવી ન હતી. મોટા તો દક્ષિણ ભારતમાં કુંભકોણમ્‌માં હતા. અઠવાડિયા પછી મોટાનો પોસ્ટકાર્ડ આવ્યો, તેમાં લખ્યું હતું, 'બહેન જયાને ઑપરેશન સારી રીતે થઈ ગયું હશે. તમો ચિંતા કરતા નહિ. પ્રભુકૃપાથી સર્વ સઘળું પાર પડશે અને હવે તમારું જીવન એકમેકના વધુ મનમેળવાળું અને પ્રેમભર્યું બનશે.' પૂજ્ય મોટામાં મને ત્યારથી શ્રદ્ધા પ્રગટી ગઈ અને ગુમાનસિંહ સાથેનું મારું જીવન ઠરીઠામ થઈ ગયું.

પૂજ્ય મોટા મંગલેશ્વર અમારા ઘેર આવે ત્યારે ગુમાનસિંહ તો મોટાના પગ પાસે બેસે અને રડ્યા જ કરે. કોકવાર મોટાના ખોળામાં માથું મૂકીને રડ્યા કરે. અમને કંઈ સમજાય નહિ. મોટા કહે, 'એને કોઈએ કાંઈ કહેવું નહિ, એને રડવા દો.' સમય વીતતો ગયો મોટા અમારા જીવનનું અંગ બની ગયા.

ગુમાનસિંહને હાર્ટએટેકની બીમારી આવી અને બધી ટ્રીટમેન્ટ છતાં તેઓ ભગવાનને ઘેર જતા રહ્યા. મોટાએ પણ દેહ છોડી દીધો. હવે હું એકલી જ રહી. મારો સ્વભાવ પહેલેથી જ વાતે વાતે ચિંતા કરવાવાળો. મારો એવો સ્વભાવ જ થઈ ગયેલો કે નાનીમોટી વાતે પણ ચિંતા જ થઈ આવે.

જીવન તો વહી રહ્યું હતું. નાનો છોકરો ખેતી કરે. મોટો નોકરી કરતો હતો ને વળી પેટે એક દીકરી પણ હતી. એવામાં મંગલેશ્વરમાં સંપૂર્ણાનંદ સ્વામીનું આવવાનું થયું. મારે એમના પરિચયમાં આવવાનું થયું. મારા ઘરથી ત્રીજું-ચોથું ઘર એટલે સંપૂર્ણાનંદ બાપુની રહેવાની જગ્યા. હવે તો ત્યાં આશ્રમ બની ગયો છે. હું ત્યાં સેવા કરવા જાઉં. સાંજે જમીને પછી બાપુ પાસે અચૂક જાઉં. બાપુ હીંચકે બેઠા હોય. હું બાપુને બધી વાતો કર્યા કરું. બાપુ મને કહે, 'જયા, ચિંતા શાને કરે છે ? ભગવાન બેઠો છે બધું કરવાવાળો.' વળી કોકવાર કહે, 'હું બેઠો છુંને ! તારે કોઈ વાતે ચિંતા કરવી નહિ.' બાપુ મને હૈયાધારણ આપે તોપણ મારા સ્વભાવમાં કોઈ ફેર પડે નહિ. મારી ચિંતા તો ચાલુ જ હોય. બસ નાની નાની વાતે ચિંતા થયા જ કરે. સંપૂર્ણાનંદજીના સંપર્ક બાદ મારી નાનીમોટી વાતો કહેવાની મને જાણે કે એક જગા મળી ગઈ.

મારી દીકરીનું વેવિશાળ નક્કી થયું ને તે પછી તા. ૨૪-૧-'૯૬ના રોજ વસંતપંચમીએ લગ્ન પણ લેવાયાં. તેમાં વડીલ તરીકેની બધી જ જવાબદારી બાપુ સંપૂર્ણાનંદજીએ ઉપાડી લીધી. વેવાઈ માંડવે આવ્યા તેમને સત્કારવા બાપુ અમારી સાથે આવ્યા. વેવાઈનો હાથ પકડીને ગાદીએ બેસાડ્યા. વેવાઈ, બાપુને પગે લાગ્યા અને કહ્યું બાપુ ! આપ ગાદીએ બેસો. આપની સામે અમારાથી ગાદીએ ન બેસાય. પણ બાપુએ તો કહ્યું કે 'આજે તો હું કન્યાપક્ષે છું. તમો અમારા મહેમાન છો એટલે તમે જ ગાદીએ બેસો.' આમ, વેવાઈને ગાદીએ બેસાડ્યા ને બાપુ કન્યાપક્ષે બેઠા.

દીકરીની સમગ્ર લગ્નવિધિ દરમિયાન બાપુ મંડપમાં જ હાજર રહ્યા. જમણવારમાં પણ ખડે પગે હાજર રહ્યા. બધી જ વાતનું ધ્યાન રાખ્યું. જાણે કે પોતાની જ દીકરીનાં લગ્ન

હોય અને સગો બાપ દોડધામ કરતો હોય તેવી રીતે. પછી જાન વળાવવાનો પ્રસંગ આવ્યો. બાપુએ અમને બોલાવ્યા. વેવાઈને બે હાથ જોડ્યા અને **'દીકરી આપી અને દીકરો લીધો'** એવી વિધિ કરી તે પછી વિદાય વેળાએ દીકરીને દૂર સુધી મૂકવા આવ્યા.

દીકરીનાં લગ્નનો પ્રસંગ ખૂબ સારી રીતે પતી ગયો. પછી અમે મંડપ નીચે શાંતિથી બેઠાં હતાં ત્યારે બાપુ બોલ્યા, 'જયા ! ભગવાન બેઠો છે, તારું કાર્ય કરવાવાળો. તારે ચિંતા રાખવી નહિ.' આમ બાપુએ બાપ વિનાની દીકરીના બાપ બનીને પરણાવી.

લગ્ન પછીના એક દિવસે સાંજે હું ભોજન પતાવીને બાપુ પાસે જઈને બેઠી હતી. બાપુ અને હું એમ અમે બે જ જણ એકલાં હતાં. તે દિવસે કોઈ જ નહોતું આવ્યું. બાપુ બોલ્યા, 'જયા ! આજે મારે તને એક વાત કહેવાની છે' મેં કહ્યું, 'કહોને બાપુ શી વાત છે ?'

બાપુ બોલ્યા, 'જયા ! તારે કોઈ વાતે ચિંતા કરવી નહિ. ભગવાનની કૃપા વરસી રહી છે, તારી ઉપર ! તું તારે બધી ચિંતા છોડી દે. તારું બધું જ ભગવાન સંભાળી લેશે.' આટલી વાત કર્યા પછી બાપુ બોલ્યા, 'જયા ! મોટા આવ્યા હતા અને મને કહ્યું, 'સંપૂર્ણાનંદ, તું આ બાઈને સંભાળજે, એનો ધણી નથી અને એનાં છોકરાંઓ નાનાં છે. એનું ઘણું કામ બાકી છે. માટે તું એનો ખ્યાલ રાખજે. એને કોઈ અગવડ ન પડે તે તું જોતો રહેજે.'

બે હાથ જોડી બાપુ બોલ્યા, 'જયા ! મોટા આવ્યા હતા અને મને જવાબદારી આપી હતી. એટલે મેં તારી તમામ કાળજી રાખી છે. અમારે તો આ કામ કરવું જ પડે, મેં મારી ફરજ બજાવી છે.'

હું તો આ વાત સાંભળીને અવાક્ જ થઈ ગઈ. મોટા તો ક્યારનાય ચાલ્યા ગયા-૧૯૭૬માં તેમણે દેહત્યાગ કરેલો અને આ વાત ૧૯૯૬ની. મારા મોંમાંથી તો એક પણ શબ્દ નીકળી શક્યો નહિ.

આ વાત મને કહ્યા પછી થોડા જ દિવસોમાં સંપૂર્ણાનંદજી બાપુએ દેહત્યાગ કર્યો. બાપુ શરીર છોડી ગયા પછી મને સમજાયું કે બાપુ કેમ મંગલેશ્વર આવ્યા અને ત્યાં જ રોકાયા ! એવે સમયે મને મોટા એટલા બધા યાદ આવ્યા કે એની વાત કરી શકાય તેમ નથી.

કોણ જાણે કેમ ! જીવનમાં આટલા બધા અનુભવ પછી પણ હજી ચિંતા કરવાનો મારો સ્વભાવ જતો નથી. 'હજીય મન નિર્ભય ના બને છે...'

છેલ્લે એક વાત યાદ આવી તે જણાવી દઉં. દેહ છૂટવાની અંતિમ ઘડીઓ હોય ત્યારે ભગવાનનું નામ લેવાનું શક્ય નથી કારણ કે જીવ ઘણી માયામાં જકડાયેલો હોય છે. પણ ગુમાનસિંહનો દેહ છૂટ્યો ત્યારે હું ત્યાં હાજર હતી. તેઓ હાર્ટએટેકમાં કોમામાં હતા. દેહ છૂટવાના થોડા સમય પહેલાં તેઓ ભાનમાં આવ્યા અને ડૉક્ટરોને તેમણે કહ્યું કે આ વેન્ટિલેટર બધું કાઢી નાખો. મને શાંતિથી જવા દો, પછી બૂમ પાડી મને બોલ્યા કે હવે તારે બધું સંભાળવાનું છે અને છોકરાંઓને તું સારી રીતે સાચવજે. પછી મોટે મોટેથી હરિઃૐ, હરિઃૐ બોલતાં બોલતાં મારી સામે જ દેહ છોડી દીધો. જાણે કે પૂજ્ય શ્રીમોટાની કૃપા અને તેમની હાજરી તે ક્ષણે ત્યાં હતી. કારણ કે ગુમાનસિંહ તો કોમામાં હતા એટલે આ શક્ય જ નહોતું. પૂજ્ય શ્રીમોટાએ જ એમની પાસે છેલ્લી ઘડીએ પ્રભુનું સ્મરણ કરવ્યું !!! હરિઃૐ. ❑

## (૯) મહામના મોટા

**શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

પૂજ્ય મોટાના નામનો ઉલ્લેખ સને ૧૯૪૨ની સાલમાં મેં મારા સદ્‌ગત મિત્ર શ્રી વજુભાઈ જાની પાસેથી સાંભળ્યો હતો. આશ્રમની શાળામાં અમે સાથી હતા.

શ્રી વજુભાઈ કંઈક સાધના કરી રહ્યા છે અને તેમને કોઈક સંત માર્ગદર્શન આપે છે એવું મેં કોઈક પાસેથી સાંભળ્યું હતું. મને પણ આ માર્ગ પ્રત્યે રુચિ એટલે અમારી મૈત્રી જામી ગઈ.

શ્રી વજુભાઈએ મને કહ્યું કે, 'મોટા કહે છે કે **સતત નામસ્મરણમાં ચિત્ત રહ્યા કરે ને જીવનની તમામ પ્રવૃત્તિઓ થયા કરે એવું થવું જોઈએ.**' આ શબ્દોએ મને ઊંડા વિચારમાં નાખી દીધો. તે કાળે મને તે શબ્દોનો અર્થ પૂરો સમજાઈ ગયો એમ તો નહિ કહું, પણ મને એક દિશા તો મળી ગઈ.

ત્યાર પછી થોડા વખતે પૂજ્ય મોટા આશ્રમમાં આવ્યા ને થોડા દિવસ રહ્યા. આ દરમિયાન મારે તેઓશ્રીનો પરિચય થયો. મને સૌથી પહેલો પાઠ એ શીખવા મળ્યો કે આધ્યાત્મિક સાધના-અને જીવનના પ્રત્યક્ષ વ્યવહારમાં યદ્વાતદ્વાપણું એ અસંગત છે, અનિષ્ટ છે. સમાજમાં તો આનાથી ઊંધી માન્યતા છે. કર્મમાં આવા ગુણોનું પ્રાકટ્ય એક રીતે સાચી સાધનાનો માપદંડ બની રહે છે.

પૂજ્ય મોટા તે વખતે બહુ સુલભ હતા. કલાકો સુધી તેમનાં સાંનિધ્યમાં બેસવાનું ને વાતચીતો કરવાનું મળતું. તેઓ જીવનસાધનાના અનુભવો કહેતા અને સીધી કે આડકતરી રીતે તેમની પાસેથી માર્ગદર્શનની અપેક્ષા રાખનારને દોરતા. આપણા અંતરમાં પડેલાં અને છુપાયેલાં કુકર્મોના ઉકરડાને પોતાની આંતરદૃષ્ટિથી જોઈ લઈને તેના પર અપાર કરુણાથી તે ઉકરડાને ઉખેળીને આત્મનિવેદન રૂપે આખરે તે મળ બહાર નીકળી જાય તેવી એક સહજ પ્રક્રિયાને તે ગતિ આપતા. આ કારણે જેમને જીવન-વિકાસની સાચી ગરજ કે ભૂખ ન હોય તેને પૂજ્ય મોટાનો સંગ જીરવવો દુષ્કર બની જાય છે. આપણે જો તેમના સંબંધમાં આવ્યાં તો પછી આપણામાં જે જે કંઈ જીવનવિરોધી તત્ત્વ તેમને દેખાય તે તરફ પ્રેમથી પણ બેધડક રીતે આપણું ધ્યાન દોરવાના જ. આ તો એમનો જીવનધર્મ બની જાય છે. આમ કરવામાં તેઓ અપાર યાતના અનુભવે છે.

પોતાને મોટાના સ્વજન કહેવરાવનારને જીવન વિરુદ્ધ જે કંઈ હોય તે કેમ ખૂંચતું નથી ? તેની અસહ્ય પીડા તેઓ દિવસરાત ભોગવે છે. એક રીતે કહીએ તો **મોટા, સ્વજનના જીવનમાં કટોકટી ઊભી કરવા જ સતત જીવી રહ્યા છે.** પ્રકાશ અને અંધકાર જેમ સાથે રહી શકતાં નથી તેમ જ જીવન અને જીવનવિરોધી તત્ત્વો સાથે રહી ન શકે. આ બાબતમાં યદ્વાતદ્વા જો સ્વજન ચલાવી લે તો એ મોટો દંભ ગણાશે. અને આધ્યાત્મિક જીવનમાં દંભ જેવો કોઈ મોટો શત્રુ નથી.

સંતની શક્તિના પ્રકાશમાં આપણે આપણો માર્ગ શોધી શકીએ તેમ જ સંત પોતાની પ્રેરકશક્તિથી આપણે શોધતાં હોઈએ તે જ ખાસ પગદંડી પણ બતાવી શકે. સંત અનેક રીતે સહાય કરે પણ આખરે ચાલવું તો આપણે આપણા પોતાના પગથી જ પડે.

પૂજ્ય મોટા દ્વારા થતું નવયૌવનોત્થાનનું અને લોકસંગ્રહનું કાર્ય બેનમૂન છે ને અમર રહેશે.

'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ-સ્મૃતિગ્રંથ', પ્ર. આ. પૃ. ૧૫૫ ❑

# (૧૦) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૮)

નરહરિ દવે

*(ગતાંકથી આગળ)*

કામનાથ મહાદેવમાં વ્યાસપીઠ ઉપરથી ઈશ્વરલાલ શાસ્ત્રીના મુખેથી વહેતી કથામૃતની વાણીએ બાલકૃષ્ણના બાળપણના પ્રભુભક્તિના સંસ્કારોને પુનઃજીવિત કરી દીધા. કથામાં શરણાગતિનો મહિમા સાંભળ્યા બાદ બાલકૃષ્ણ સારંગપુરના સુપ્રસિદ્ધ રણછોડજીના મંદિરે પહોંચી ગયો અને શ્રીહરિચરણને આંખમાંથી વહેતી અશ્રુધારા પખાળી રહી હતી. પ્રભુના મુખડા ઉપર નજર સ્થિર થઈ તો તેની આરજૂનો સ્વીકાર થતો હોય એમ મુખડા ઉપર હાસ્ય નજરે પડ્યું. હળવે હૈયે બાલકૃષ્ણ ઘેર પહોંચ્યો ત્યારે માવલંકર દાદાનો માણસ તેમની રાહ જોતો હતો. કાળુપુર ચોખા બજારની તૈયબ ઍન્ડ કંપનીમાં અંગ્રેજી કોરસપોન્ડન્સની ક્લાર્કની જગ્યા ઉપર નોકરી પણ મળી ગઈ. પ્રભુ ભરોસે જીવનનાવનું સુકાન સોંપતાં નાવડું નિર્વિઘ્ને તરવા લાગ્યું હતું.

નોકરી મળી એટલે જાણે નવું જીવન મળ્યું. બાલ્યાવસ્થાથી જ પ્રભુભક્તિનાં બીજ પડેલાં હતાં તે જાગ્રત થયાં. પ્રભુકૃપાથી ગદ્‌ગદિત થઈ ભજનો રચાવાં માંડ્યાં. સને ૧૯૩૨માં 'ભક્તિઝરણાં'નો પહેલો ભાગ બહાર પડ્યો હતો. કાળુપુર મામુનાયકની પોળમાં રહેતા ભજનાનંદી કેશવલાલ દૂધિયાનો સંપર્ક થતાં તેમની સાથે છોટાલાલ ભગતના ભજનમાં પહોંચી ગયા. છોટલાલ (દરજી) ભગતને હૈયે બાલકૃષ્ણની ભજન કરવાની છટા વસી ગઈ. પછી તો જ્યાં જ્યાં ભગતનાં ભજન હોય ત્યાં બાલકૃષ્ણ અચૂક પહોંચી જતો.

કામનાથ મહાદેવમાં કથા કરતા શાસ્ત્રી ઈશ્વરલાલના કાને બાલકૃષ્ણનાં રચેલ ભજનો અને ભાવથી મધુર કંઠે ગવાતાં ભજનની વાત પહોંચી ગઈ. શાસ્ત્રીજી દર રવિવારે જુદા જુદા વોર્ડમાં ગીતા પારાયણ કરતાં. બાલકૃષ્ણ હવે તેમનો જમણો હાથ બની ગયો હતો. બાલકૃષ્ણનું મિત્રમંડળ પણ વધતું ગયું.

ત્રણચાર મિત્રો સાથે રણછોડરાયજીનાં દર્શન કરવા ડાકોર યાત્રા દરમિયાન મિત્રની ટકોર થતાં વર્ષોથી વળગેલ બીડી-સિગારેટના વ્યસનને બાલકૃષ્ણે તિલાંજલિ આપી. વ્યસનની આદત જ્યારે પજવવા માંડી ત્યારે રણછોડરાયજીના પગ પકડી વ્યસન સામે ટકી રહેવા શક્તિ આપવા પ્રાર્થના કરી. તૈયબજી ઍન્ડ કંપની પાસે હાથીછાપ સિગારેટની એજન્સી હતી. સેલ્સમેનની ક્યારેક ફરજ આવતી પણ પ્રતિજ્ઞા જળવાઈ રહેલી.

તૈયબ ઍન્ડ કંપનીના એક ભાગીદાર મફતલાલ મોહનલાલ શાહને ત્યાં સીતારામ મહારાજનાં ભજન હતાં. બાલકૃષ્ણ રાત્રે દુકાન વધાવી ચોપડા-ચાવીઓ તેમને ત્યાં આપવા ગયા તો લોકો ભજન માટે આવી ગયાં હતાં પણ મહારાજ હજી આવ્યા નહોતા. એટલે હલકભર્યે કંઠે એક પછી એક ભજનો બાલકૃષ્ણ ગાવા લાગ્યો.

બાલકૃષ્ણનાં ભજનો ગાવા-સાંભળવા જે

મિત્રો ભેગા થતા હતા તેઓએ ભજન મંડળની સ્થાપના કરી, 'કૃષ્ણ ભજનમંડળ' નામ પણ આપી દીધું. એ વર્ષ હતું સને ૧૯૩૩નું. એક વખત રાધેશ્યામ મહારાજના ભજન વખતે આગ્રહપૂર્વક બાલકૃષ્ણને વ્યાસપીઠ ઉપર બેસાડ્યા અને હવેથી બાલકૃષ્ણને 'પુનિત મહારાજ'ના તખલ્લુસથી બોલાવવા એમ નક્કી થયું. એમનાં ભજનોની પાદપૂર્તિ 'પુનિત'ના નામથી જ પૂરી થાય છે. પુનિત એટલે પવિત્ર. બધાંય એકી-સાથે બોલી ઊઠ્યાં, 'પુનિત મહારાજની જય.' હવેથી સૌ તેઓને પુનિત મહારાજના નામથી બોલાવવા માંડ્યાં.

શ્રીકૃષ્ણ ભજનમંડળની સ્થાપના વખતથી નિયમ બનાવેલો કે ભજનનો કોઈ પાસેથી પૈસો લેવો નહિ, પણ પછી મફતની કોઈ કિંમત નહિ એવા અનુભવ થવાથી પાંચ હજાર પ્રભુનામ લખીને આપે એને ત્યાં ભજન કરવું એમ નક્કી કરાયું. પ્રભુનામની શક્તિનો પરચો પોતાને ખુદને તો મળી જ ગયો હતો. એટલે ભજનમાં તેઓ ભારપૂર્વક કહેતા કે **રામનામ તો ભવરોગને હરનારું અકસીર ઔષધ છે. હું એનો જીવતોજાગતો દાખલો તમારી સામે મોજૂદ છું.** ડૉક્ટરે તો હાથ ધોઈ નાખ્યા હતા. ત્રીજા સ્ટેજના ટી.બી.ના દર્દી તરીકે મને જાહેર કરેલો. આ સફળ જડીબુટ્ટી મને ઈશ્વરલાલ શાસ્ત્રીએ બતાવી હતી. હવે એ હું પોતે તમને બતાવું છું. પછી તો પાંચ હજારના બદલે દસ હજાર પ્રભુનામ લખીને આપે તેને ત્યાં ભજન કરતા અને પ્રસાદની પ્રથાને પણ તિલાંજલિ અપાઈ અને આરતી ફેરવવાના બદલે બધાં બેઠાં બેઠાં જ હાથની આશકા દ્વારા આરતી લઈ લે અને લોકો આરતીની થાળીમાં પૈ-પૈસો નાખે નહિ એવો ઈલાજ હાથ ધરાયો.

પ્રેમદરવાજે આવેલ સરયૂદાસજીના મંદિરમાં રોજ સવારે ભજન કરવાનું આમંત્રણ પુનિત મહારાજને મળતાં તેઓએ તેનો પ્રેમ-આભાર સાથે સ્વીકાર કર્યો. ચૈતન્ય મહાપ્રભુનું આખ્યાન આ પ્રમાણે રોજેરોજના ભજન-પ્રવચનમાંથી તૈયાર થયેલું. ચૈતન્ય-ચરિત્રની ઘેરી અસર મહારાજના મન ઉપર પડી એટલે ચાતુર્માસ મહારાજ મૌન પાળતા. સવારે ને રાત્રે ભજન પૂરતું મૌન છૂટતું. બાકીના સમયે કાર્બન-સ્લેટમાં લખીને વાતચીત થતી.

તૈયબ ઍન્ડ કંપનીમાં પુનિત મહારાજ જોડાયા ત્યારથી પેઢીની ચડતી કળા થવા લાગી. પુનિત મહારાજના અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવાની ફાવટ-આવડતથી મોટી મોટી કંપનીઓ ઉપર સારી છાપ પડતી. શરૂની ઇમ્પિરિયલ ટૉબેકો કંપનીની એજન્સીથી કાર્યભાર શરૂ કરેલો. તે પછી કેલટેક્ષ, વીમકો વગેરેની સોલ એજન્સી પણ પેઢીને મળી ગઈ. બાલકૃષ્ણને હવે સેલ્સમેનની ફરજ પણ સોંપી હતી. જોકે પગાર તો એનો એ જ હતો. પુનિત મહારાજ તો કહેતા કે આપણો શેઠ હજાર હાથવાળો છે. સ્વમાનથી નોકરી કરું છું અને પ્રભુનું ભજન પણ કરું છું.

ધંધુકાની પાસે તગડીમાં મહાપ્રભુજીની બેઠક છે. એક વખત ભજનમંડળ ત્યાં રેલવે સ્ટેશને ઊતર્યું ત્યારે સ્ટેશન માસ્તરે પુનિત મહારાજનાં સામુદ્રિક ચિહ્નો-આજાનબાહુ જોઈને ભવિષ્ય ભાખેલું કે પુનિત મહારાજ બહુ મોટા સંત થશે. ત્યાંથી ભીમનાથ અને સાળંગપુર

હનુમાનજીનાં દર્શન કર્યાં. એક વખત નારણઘાટે ઉજાણી કરી. ત્યાં સૌને ખૂબ જ મજા આવી.

દરમિયાન પુનિત મહારાજે ભરતમિલાપનું આખ્યાન તૈયાર કર્યું. ભરતજીના ભક્તિભાવે-ભાતૃભાવે મહારાજના મનને ડોલાવી દીધું. તે પછી ભક્ત-બેલડીની ગાથા ગાતું જેસલ-તોરલનું આખ્યાન પણ રચ્યું. સંવત ૧૯૪૪માં ભયંકર દુકાળ પડ્યો. અબોલ પ્રાણીઓ ઘાસના તણખલા માટે ભાંભરતાં. પુનિત મહારાજે ભજનમાં ગાયોના ઘાસ માટે ટેહલ નાખી. ભાવિકોએ એનો સારો પ્રતિભાવ આપ્યો. એ રકમમાંથી શહેરમાં ફરી ફરીને અબોલ પશુઓને એ ઘાસ નીરવા લાગ્યા. બીજે વરસે સારો વરસાદ થતાં મુશ્કેલી હળવી બની. લોકોની ઈચ્છા અને ભાવના છતાં પુનિત મહારાજે કાયમી ફંડ ઊભું કરવાની અનુમતિ ન આપી. તેઓ કહેતા કે 'ફંડ ત્યાં બંડ.' 'ફંડ ત્યાં ફંદ.' જ્યારે ભવિષ્યમાં આપત્તિ આવશે ત્યારે ટહેલ નાખશું.

એક વખત ડાકોર પગપાળા યાત્રાનો સંઘ કઢાયો. અમદાવાદના અન્ય ભક્ત મણિલાલ જે સખીના નામે જાણીતા હતા તેઓએ રૂબરૂ આવી પુનિત મહારાજને આશીર્વાદ આપ્યા અને પોતની પાસે કાયમ રાખતા એ ચાંદીની મૂઠવાળી લાકડી પુનિત મહારાજના હાથમાં મૂકીને કહ્યું કે આ લાકડીને પ્રભુ પ્રસાદી સમજી તમારી પાસે ને પાસે રાખજો. રાજા રણછોડજીના સંઘમાં તમને ઊની આંચ સરખી નહિ આવે. પુનિત મહારાજે એનો નત મસ્તકે સ્વીકાર કર્યો. (ક્રમશઃ)

'પ્રભુનો પ્રતિનિધિ', બી.આ., પૃ. ૧૪૫ ❑

## (૧૧) જપયજ્ઞની પ્રજ્વલિત જ્યોત

'હરિવાણી ટ્રસ્ટ'ના મકાન માટે નવેમ્બર, ૨૦૦૧'હરિભાવ'ના માધ્યમ દ્વારા આર્થિક સહયોગની અપીલ પ્રકાશિત કરવામાં આવી હતી.

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ જાનીએ સ્વઉમળકે અમદાવાદ/નરોડાનાં સ્વજનોનો રૂબરૂ સંપર્ક કર્યો હતો. સ્વજનોએ પણ ઉદારભાવે સહયોગ આપ્યો હતો. પરિણામ સ્વરૂપે રૂપિયા ત્રણેક લાખથી વિશેષ રકમ શ્રી જયંતીભાઈ જાનીએ એકત્રિત કરી, જે તે સ્વજનોને ટ્રસ્ટની પાવતીઓ પણ રૂબરૂ જઈને પહોંચતી કરી હતી.

સાથો સાથ એક પ્રતિભાવ રૂપે એવાં સ્વજનોનાં ગૃહે નામસ્મરણ પણ ગોઠવ્યું હતું.

સુરતના સ્વજન હાલ સદ્ગત શ્રી ઉપેન્દ્રભાઈ અલમૌલાએ ટ્રસ્ટના મકાન માટે રૂપિયા એક લાખનો સહયોગ ભક્તિભાવે મોકલી આપ્યો હતો.

સુરતનાં કેટલાંક સ્વજનોનો સાથ મેળવી શ્રી જયંતીભાઈએ શ્રી અલમૌલાના નિવાસે તા. ૧૭-૨-૨૦૦૨, રવિવાર, વસંતપંચમીના રોજ નામસ્મરણ કરેલું. એ દિવસે પ્રારંભાયેલ જપયજ્ઞની જ્યોતને સ્વજનોએ પ્રજ્વલિત રાખી છે. અલબત્ત, શ્રી જયંતીભાઈએ તેમાં સતત સાથ આપ્યો છે. આ ચાલી રહેલ જપયજ્ઞને હવે ૧૪ વર્ષ જેવો ઉલ્લેખનીય કાર્યકાળ પૂરો થયો છે. એ નિમિત્તે તા. ૧૪-૨-૨૦૧૬, રવિવાર, વસંતપંચમી નિમિત્તે કલ્પના હૉલ, સુરત ખાતે નામસ્મરણ-'હરિઃૐ'ની ધૂનનો કાર્યક્રમ રખાયો હતો. જે સુચારુ રીતે સંપન્ન થયો હતો.

આ સત્ કાર્યમાં સંકળાયેલ સર્વેને હાર્દિક અભિનંદન. **-સંપાદક**

## (૧૨) આપણું મધ્યબિંદુ દુનિયામાં નથી, પણ આપણામાં છે

**શ્રીમોટા**

તમને એક વાતથી ચેતવી દઉં. પછીથી તમારે ફાવે તેમ કરવાનું રાખશો. હું કદી 'આદેશ' કે 'હુકમ' કરતો નથી. સૌને ફાવતા સોદાની વાત છે.

પારકાંએ આપણું થોડું કરેલું ભલું આપણને પર્વત જેવડું લાગવું જોઈએ ને આપણે બીજાનું કરેલું પર્વત જેવડું કરેલું આપણે મન તદ્દન ક્ષુલ્લક, નજીવું, તણખલા જેવું લાગવું જોઈએ. પારકાંના તો ગુણ જ જોવાયાં કરાય ને આપણો થોડોક દોષ હોય તે આપણને પર્વત જેવડો લાગવો જોઈએ, કે જેથી તે દૂર થઈ શકે.

મનના તરંગોને પિછાનવા એ એકદમ સહેલું નથી. જે વાત મનને કરવી નહિ હોય એનાં હજાર બહાનાં એ ઊભાં કરશે, ને બુદ્ધિથી દલીલો તો એ એટલી સુંદર શોધી કાઢી બતાવશે કે એ ઝટ દઈને ગળે ઊતરી જાય. જરા જાગૃતિ રાખીને તપાસવાનું આપણે રાખીએ તો એના ખેલ ખબર પડે.

આપણે આપણા આગ્રહો-મતમતાંતરોને આપણા વિચારોના ખ્યાલો-જે મનમાં ઘર કરી બેઠેલા છે, તે છોડવા જ પડશે. સગાંવહાલાં છોડવાં સહેલાં છે, પણ આ છોડવું અઘરું છે.

આપણે તો આપણું જ જે ફોડવું હોય તે ફોડી લેવું. બીજાના દૃષ્ટિબિંદુથી જે કોઈ પોતાનાં કામો કરે છે, બીજાના ગજે જે પોતાને માપવા અને મપાવા ઇચ્છે છે, એનામાં જાહેર હિંમત અને સાહસ કેળવાઈ શકાવાનાં જ નથી. **આપણે આપણો પોતાનો આશ્રમ બનવાનું છે.** આપણું દૃષ્ટિબિંદુ આપણા પોતામાં હોવું ઘટે.

તમારી માની લીધેલી માન્યતાઓ મુજબનું કંઈ નથી થતું એ જોતાં તમને અન્યથાભાવ થાય છે-એ શા માટે ? જો તમને તેવી તમન્ના હોય તો તમે પોતે તે પ્રમાણે જીવી બતાવીને સંતોષ માનો. બીજા તેમ જીવે કે ના જીવે એમાં આપણને શું કામ ખૂંચવું જોઈએ ?

ગળ્યું ખાવામાં સંકોચ શા માટે ? ગળ્યા ખાવા પાછળની ભાવના તમારી જીભને સ્વાદ લગાડવાની હોય તો તો તમારે સંકોચ લગાડવાની જરૂર ખરી જ. પણ હેતુ વિના એમ ને એમ ગળ્યું ખાવાનો સંકોચ શા માટે ? એટલા માટે જ મારું તમને કહેવું છે કે મનના બાંધી દીધેલા ખ્યાલો આપણે છોડી દેવા જ પડશે, નહિતર મનના નિર્ણયોમાં અનેક પ્રકારના વિકારો હોય છે.

તમને મિત્રો, સગાં વગેરે સાથેની વાતો દરમિયાન અંદરથી જપ કેવો ચાલે છે તેની પરીક્ષા લેવાનું મન થાય તો તેમ જરૂર કરજો. જ્યાં ત્યાં કરીને પ્રેમથી ભાવથી એને દૃઢ કરવામાં લાગી જજો. જે કાંઈ કરો તે સર્વ પ્રકારે વિચારીને કરવાનું રાખશો. આપણી દૃષ્ટિ આપણામાં રાખવાની છે.

**આપણું મધ્યબિંદુ દુનિયામાં નથી, પણ આપણામાં છે.** બીજાં શું કરે છે એની કશી પરવા કે વિચાર સરખો પણ ન કરવાની ટેવ પાડો. તે જ આપણે માટે સારું છે.

'જીવનપગરણ', બી. આ., પૃ. ૮૩ ❑

## (૧૩) જીવાત્માના ઉદ્ધાર માટે પૂજ્ય શ્રીમોટાએ કરેલ વિધિ

રામભાઈ પટેલ

સને ૧૯૮૧ના અરસામાં ઉનાળાની રજાઓમાં અમે સહકુટુંબ આબુ ગયાં હતાં. પૂજ્ય શ્રીમોટાના દેહસંબંધે ભાઈ સદ્‌ગતશ્રી સોમાકાકા પણ અમારી સાથે હતા.

એક દિવસ અમે નખી સરોવર આગળ બાગમાં બેઠાં હતાં, ત્યારે કુંજરાવ ગામના શ્રી પી.ટી. પટેલનો ભેટો થયો. અમોને ખૂબ આનંદ થયો. શ્રી પી.ટી. પટેલ પૂજ્ય શ્રીમોટાના નિકટના ભાવિક ભક્ત હતા. સને ૧૯૬૫માં તેમણે પૂજ્ય શ્રીમોટાનો એક ભવ્ય મિલન-સમારંભ પૂજ્યશ્રીના પાવનકારી સાંનિધ્યમાં કુંજરાવ ગામમાં યોજ્યો હતો.

પૂજ્યશ્રીના આવા જાહેર સમારંભનો લહાવો લેવાનો આ મારો પ્રથમ અનુભવ હતો. ખૂબ આનંદ થયો હતો. પૂજ્યશ્રીના અગાધ પ્રેમ-સાગરની છાલકોમાં સૌ સ્વજનો જાણે તરબોળ થઈ ગયાં હતાં. વર્ષો પછી પણ એ અનુભવની ઝલક હજી મારા સ્મૃતિપટમાં તાજી થાય છે.

શ્રી પી.ટી. પટેલના ભાવભર્યા આમંત્રણથી અમે બીજે દિવસે નખી સરોવર ઉપર આવેલ તેમના નિવાસસ્થાને ગયાં હતાં. શ્રી પી.ટી. પટેલના સૌથી મોટા દીકરા સદ્‌ગત સુરેશભાઈના જીવાત્માની સદ્‌ગતિ માટે પૂજ્યશ્રીએ તે મકાનમાં કરાવેલ એક યજ્ઞની રસપ્રદ વિગત તેમણે આપી હતી. મેં તેની નોંધ કરી લીધી હતી. તેના આધારે અને શ્રી પી.ટી. પટેલના બીજા દીકરા શ્રી જયંતભાઈ પાસેથી તાજેતરમાં મેળવેલ માહિતીના આધારે નીચેની વિગતો આપી છે.

તા. ૬-૭-૧૯૭૪ના રોજ શ્રી પી.ટી. પટેલના સૌથી મોટા દીકરા શ્રી સુરેશભાઈનું ૩૫ વર્ષની વયે મહેસાણા નજીક જગુદણ ગામ આગળ એક ગમખ્વાર અકસ્માતમાં અકાળ અવસાન થયું હતું.

આબુમાં ખરીદેલા તેમના ઉપરોક્ત મકાન માટે કેટલોક સામાન લઈને શ્રી સુરેશભાઈ કુંજરાવથી સવારમાં નીકળ્યા હતા. સાથે તેમનાં પત્ની શ્રીમતી વિદ્યાબહેન તથા સૌથી નાનો બાબો મનીષ પણ હતાં.

સંભવતઃ ડ્રાઈવરની ગફલતથી ગાડી એક વૃક્ષ સાથે અથડાઈ. શ્રી સુરેશભાઈને ખૂબ ગંભીર ઈજા થઈ અને તેમનું પ્રાણપંખેરું તત્કાળ ઊડી ગયું. પત્ની શ્રી વિદ્યાબહેનને પણ સખત ઈજા થઈ હતી. તે બેભાન થઈ ગયાં હતાં. નાનકડો મનીષ અને ડ્રાઈવર બચી ગયા હતા.

શ્રી પી. ટી. પટેલના પરિવાર ઉપર વિધાતાએ જાણે કારમો વજ્રપાત કર્યો હતો. જુવાનજોધ દીકરો તેનાં ચાર માસૂમ બાળકો અને પત્નીને રડતાં મૂકીને પરલોક સિધાવ્યો હતો. પથ્થર પણ પીગળી જાય એવું કરુણ દૃશ્ય કુંજરાવમાં સર્જાયું હતું. આ આઘાતથી કઠણ કાળજાના શ્રી પી.ટી. પટેલ પણ ભાંગી પડ્યા હતા. તે સમગ્ર પરિવારને આશ્વાસન આપવા પૂજ્ય શ્રીમોટા કેટલાંક સ્વજનો સાથે તત્કાળ કુંજરાવ પહોંચી ગયા હતા. ભગ્ન હૃદયે શ્રી પી.ટી. પટેલે પૂજ્યશ્રીને પૂછ્યું કે, 'આપે મારા સુરેશને કેમ બચાવી ન લીધો ?' પૂજ્યશ્રીએ માત્ર એટલું જ કહ્યું કે, 'અત્યારે કશું કહેવાનો અર્થ નથી.' પૂજ્ય શ્રીમોટા જેવા કરુણાસાગર સંતનાં દર્શનથી અને પ્રેમાળ આશ્વાસનથી પરિવારે કંઈક રાહત અનુભવી.

લગભગ બે માસ પછી જ્યારે શોકનાં

વાદળોની અસર ઓછી થઈ અને પરિવારના સભ્યો કંઈક શાંત અને સ્વસ્થ થયાં ત્યારે એક દિવસ પૂજ્યશ્રીએ શ્રી પી.ટી. પટેલને જણાવ્યું કે ચાલો આપણે થોડા દિવસ આબુ જઈએ. પૂજ્યશ્રીની ઇચ્છાને માન આપીને શ્રી પી.ટી. પટેલ પરિવાર સહિત પૂજ્યશ્રી સાથે આબુ ઉપરોક્ત મકાનમાં રહેવા ગયા.

એક દિવસ પૂજ્યશ્રીએ અચાનક જણાવ્યું કે આજે આ મકાનમાં મારે યજ્ઞ કરવો છે. શ્રી પી.ટી. પટેલને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, 'મોટા ! અત્યારે ઓચિંતા યજ્ઞની બધી વ્યવસ્થા કેવી રીતે થાય ? પૂજ્યશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, 'મારે આજે જ અહીં યજ્ઞ કરવો છે.' યજ્ઞ માટે જરૂરી સામગ્રી લઈ આવવા અને બાજુમાં બાલમંદિરનાં બાળકોને તથા સ્ટાફને જમવા માટેનું આમંત્રણ આપવા પણ જણાવ્યું.

પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ તાત્કાલિક યજ્ઞની તૈયારી કરવામાં આવી. પૂજ્યશ્રીએ જાતે તેમની આગવી રીતે યજ્ઞ કરવા માંડ્યો. યજ્ઞ પતી ગયા પછી ગંભીર થઈને પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'આ યજ્ઞ દ્વારા મેં સુરેશના જીવાત્માનો મોક્ષ કરાવ્યો છે. તેના પ્રારબ્ધમાં આવા સાત અકસ્માત લખાયેલા હતા. આ યજ્ઞ દ્વારા બધા અકસ્માતમાંથી મુક્ત થયો છે. તમને બધાંને સુરેશની ખોટ પડી પણ જીવાત્માનું હિત થાય એવું આપણે ઇચ્છવું જોઈએ. આ યજ્ઞથી તેનું કલ્યાણ થશે.'

**સંપાદકીય નોંધ :** શ્રી રામભાઈએ ઉપરોક્ત જે ઘટના લખી મોકલી છે તે બાબતમાં વર્ષો પહેલાં શ્રી ઇન્દ્રવદન શૅરદલાલ-શ્રી ઇન્દુકાકાને મુખેથી અમે આ વિગતો જાણી હતી. ઉપરોક્ત લખાણ અંગે શ્રી ઇન્દુકાકાને જ્યારે વાત કરી ત્યારે તેમની જાતમાહિતીના આધારે કેટલીક વિશેષ વિગત અમોને જણાવી હતી, જેનો ટૂંક સાર આ પ્રમાણે છે :-

પૂજ્ય શ્રીમોટાએ શ્રી પી.ટી.પટેલને કહ્યું હતું કે ડ્રાઈવરે સુરેશભાઈ પાસે સો સોની નોટો હોવાનું જોયું હતું. ઉપરાંત, તેમની પત્નીએ જે દાગીના પહેર્યાં હતા તે જોઈને પણ ડ્રાઈવરનું મન બગડ્યું હતું. શ્રીમોટાના કહેવા પ્રમાણે એ અકસ્માત ન હતો પણ જાણી જોઈને કરાયેલ સુરેશભાઈનું ખૂન હતું. ડ્રાઈવર એ બધાની લૂંટ કર્યા બાદ ખાલી હાથે પોલીસ સ્ટેશને હાજર થયો હતો. પાછળથી વિગતો પ્રકાશમાં આવતાં પૂજ્યશ્રીએ કહેલી વાત સાચી જણાઈ હતી.

આબુના મકાનમાં પૂજ્યશ્રીએ જે યજ્ઞ કર્યો તે સમયે શ્રી ઇન્દુકાકાની ઉપસ્થિતિ હતી. તેઓશ્રીના કહેવા પ્રમાણે સુરેશનો જીવાત્મા પ્રેત યોનિમાં હતો. તેમાંથી યજ્ઞની વિધિ કરીને મનુષ્ય યોનિમાં ફેરવ્યો હતો. પૂજ્યશ્રીએ અડદના લોટનું પૂતળું બનાવેલું. એ આત્મા યજ્ઞ સ્થળે હાજર થયો છે તેની જાણ કેવી રીતે થશે એવા ઇન્દુકાકાના પ્રશ્નના જવાબમાં પૂજ્યશ્રીએ કહેલું કે હું જ્યારે મોટેથી હરિઃૐ બોલું ત્યારે એ જીવ આવ્યો છે એમ માનજે અને એ પ્રમાણે બનેલું.

પૂજ્ય શ્રીમોટાએ પ્રેત યોનિમાંથી જીવોનો ઉદ્ધાર કર્યો હોય તેવા અન્ય પ્રસંગની જાણકારી પૂજ્યશ્રીના અક્ષરદેહ-સાહિત્યમાંથી પણ મળી શકે તેમ છે. કુંભકોણમ્‌ના એક નોકર અને મુંબઈ-સુરતની એક દીકરીના પ્રસંગોની વિગતો તો જાહેર થયેલી છે. તે ઉપરાંત, મૃતાત્માઓને તેમના પૂર્વ જીવનના સંબંધી સાથે મુલાકાત કરાવ્યાના પણ પ્રસંગો છે. પૂજ્ય શ્રીમોટાનાં ચરણે કોટિ કોટિ પ્રણામ અને હરિઃૐ. ❑



બધા લોકો માટે બધો સમય જપ કરવો સંભવ નથી. તેથી જ માણસે થોડીવાર જપ કરવો જોઈએ, થોડી સ્તુતિ ગાવી જોઈએ, પછી કંઈક વાંચવું જોઈએ અને કંઈક લખવું જોઈએ.

આ રીતે મનને સારાં કામોમાં લગાડીને બૂરી ટેવોથી બચાવવું જોઈએ.

- શ્રીરમણ મહર્ષિ

*'પત્રો- સંસ્મરણો શ્રીરમણાશ્રમ', પ્ર. આ., પૃ. ૩૩૩*

**HARIBHAV, MARCH - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે તેજોવલયરૂપ શક્તિશાળી મોજાં ઉત્પન્ન કરીએ છીએ. એ જ સ્વરૂપનાં બીજાં વિચાર આંદોલનો ભેગાં થઈ સારું યા નરસું વાતાવરણ બને છે.

વીજળી અને અવાજની માફક વિચારો પણ એક ઉત્પાદક શક્તિ છે. જે સ્થળે સમાન હેતુથી લોકો ભેગા થાય છે ત્યાં તેમનાં શરીરોમાંથી બહાર પડતાં સામુદાયિક વૈચારિક મોજાં પ્રસારિત થઈ ઉચ્ચ શક્તિશાળી અને અસરકારક વાતાવરણ ઉત્પન્ન કરે છે.

વિરુદ્ધ વિચારો વાતાવરણના સ્પંદનોને કલંકિત કરે, શક્તિહીન બનાવે અથવા વિનાશ પણ વેરી શકે.

- સ્વામી કૃષ્ણાનંદ

'આંધીમાં ઉપદેશ', પ્ર. આ., પૃ. ૩૨

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com